પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૬૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૪-૦૩-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ગુજરાતનું ૨ લાખ ૪૩ હજાર અને ૯૬૫ કરોડ રૂપિયાનુ બજેટ વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે રજૂ કરવામાં આવ્યુ છે

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભામાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ ગુજરાતનું બજેટ રજૂ કર્યું હતું. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ રાજ્યના તમામ વર્ગોની સુખાકારીમાં વધારો કરતું વર્ષ ૨૦૨૨-૨૩નું રૂ. ૨,૪૩,૯૬૫ કરોડનું અંદાજપત્ર ગૃહ સમક્ષ રજૂ કર્યું. તેમણે બજેટના શરૂઆતી ભાષણમાં કહ્યુ કે, ૨૦ વર્ષમાં માથાદીઠ આવક ૧૯ હજારથી વધી ૨.૧૪ લાખ થઈ. ૧ વર્ષમાં ૧,૬૩,૦૦૦ કરોડની એફડીઆઈ ગુજરાતમાં આવી છે. ૨ લાખ ૪૩ હજાર અને ૯૬૫ કરોડ રૂપિયાનુ બજેટ વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે રજૂ કરવામાં આવ્યુ છે.

તેમણે કહ્યું હતું કે જળ સંપતિ વિભાગ માટે ૫૩૩૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સૌની યોજાના માટે ૭૧૦ કરોડની જોગવાઈ કરાઈ છે. તો નર્મદાના પુરના વધારાના ૧ મિલિયન એકરફીટ પાણીને કચ્છ પહોંચાડવાની યોજના માટે ૨૭૨ કરોડની જોગવાઈ કરાઈ. કચ્છમાં ચેકડેમ બનાવવા માટે ૬૫ કરોડની જોગવાઈ કરાઈ. તો સુજલામ સુફલામ યોજના અંતર્ગત પાટણ અને બનાસકાઠામાં પાણી આપવા ૯૩ કરોડની જોગવાઈ ફાળવાઈ. આ ઉપરાંત થરાદથી સીપુ ડેમ સુધી પાઈપલાઈન માટે ૭૦ કરોડની જોગવાઈ, અરવલ્લીના ૧૦૨ તળાવ ભરવા ૪૫ કરોડની જોગવાઈ, સાબરમતી નદી પર હીરપુરા અને વલાસણા બેરેજ માટે ૩૫ કરોડની જોગવાઈ, ધરોઈ બંધને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા ૩૦ કરોડની જોગવાઈ, અમદાવાદના નળકાંઠાના ગામોને સિંચાઈનું પાણી આપવા ૨૫ કરોડની જોગવાઈ, દક્ષિણ ગુજરાતની નદીઓ પર ચેકડેમ બેરેજ અને વિયર યોજના માટે ૯૪ કરોડ તેમજ નર્મદા નદી પર મીઠા પાણીનુ સરોવર બનાવવા ભડાભૂત બેરેજ માટે ૧૨૪૦ કરોડ ફાળવાયા. તો નર્મદા યોજના માટે વર્ષ ૨૦૨૨ ના બજેટમાં ૬૦૯૦ કરોડ રૂપિયા ફાળવાયા છે.

તેમણે કહ્યું કે ગુજરાતના આ વર્ષના બજેટમાં કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૭૭૩૭ કરોડની જોગવાઈ ફાળવાઈ. પાક કૃષિ વ્યવસ્થાની વિવિધ યોજનાઓ માટે ૨૩૧૦ કરોડની જોડવાઈ, કૃષિ યાંત્રિકીકરણ મશીનરી ખરીદીમાં સહાય માટે ૨૬૦ કરોડની જોગવાઈ ફાળવાઈ. સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવા ખેડૂતોને ગાય નિભાવ ખર્ચ માટે ૨૧૩ કરોડની જોગવાઈ, ખેતરમાં નાના ગોડાઉન બનાવવા માટે ૧૪૨ કરોડની જોગવાઈ, ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના અંતર્ગત ૮૧ કરોડની જોગવાઈ ફાળવાઈ. તો ડ્રોનના ઉપયોગથી ખાતર જંતુનાશક દવાઓનો છંટકાવ કરવા ૩૫ કરોડની જોગવાઈ ફાળવાઈ. રાસાયણિક ખાતર પૂરું પાડવા અને ખાતર સંગ્રહ માટે ૧૭ કરોડની જોગવાઈ.

નાણાંમંત્રીએ મેડિકલ યુનિવર્સિટીની સ્થાપનાની બજેટમાં જાહેરાત કરતા કહ્યું કે બોટાદ, જામ ખંભાળિયા અને વેરાવળમાં નવી મેડિકલ કોલેજોની જાહેરાત કરાઈ. મહિલા અને બાળ વિકાસ વિભાગની જોગવાઈમાં ૪૨% નો ધરખમ વધારો થયો છે. કિશોરીઓ તેમજ મહિલાઓને માસિક ધર્મ અંગે જાગૃતિ લાવવા અને સેનેટરી પેડ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવા ૪૫ કરોડની જોગવાઈ. બાળકોને સઘન પોષણ આપવા બાલ અમૃત પોષણ યોજના હેઠળ ૨૦ કરોડની જોગવાઈ. નવજાત શિશિ અને માતાઓને ઘર સુધી પહોંચાડવા નવા ૯૦ ખિલખિલાટ વાહનો ઉપલબ્ધ કરાવવા માટે ૫ કરોડની જોગવાઈ. સગર્ભા માતાઓ અને બાળકોને પોષણ સહાય આપવા પ્રધાનમંત્રી માતૃવંદના યોજના માટે ૧૫૦ કરોડની જોગવાઈ. સીંગરવા અને ડીસાની પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલોને અપગ્રેડ કરાશે, જેના માટે ૩૬ કરોડના આયોજન પૈકી ૮ કરોડની જોગવાઈ. વાપીમાં ૧૦૦ બેડની નવી સિવિલ હોસ્પિટલ બનાવવાની બજેટમાં જાહેરાત કરાઈ.ઊંઝા સબડિસ્ટ્રીક્ટ હોસ્પિટલને અપગ્રેડ કરી ૧૦૦ બેડની હોસ્પિટલ બનાવાશે.

શિક્ષણ વિભાગ માટે ગુજરાતના આ વર્ષના બજેટમાં જાહેરાત કરાઈ કે, ૫૦ જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કુલ્સ સામાજિક ભાગીદારી સાથે શરૂ થશે. ૧ લાખ વિદ્યાર્થીઓને અહીં શિક્ષણ મળશે. આ યોજના અંતર્ગત આગામી વર્ષ માટે ૯૦ કરોડની જોગવાઈ. મિશન સ્કૂલ્સ ઓફ એક્સિલન્સ યોજના હેઠળ જુદી જુદી શાળાઓની માળખાકીય સગવડો તેમજ શિક્ષણની પદ્ધતિમાં સુધારા માટે ૧૧૮૮ કરોડની જોગવાઈ ફાળવાઈ. અંદાજે ૧૧ લાખ વિદ્યાર્થીઓને એસટી બસ ફ્રી પાસ કન્સેશન માટે ૨૦૫ કરોડની જોગવાઈ. ઘરથી શાળાનુ અંતર એક કિલોમીટરથી વધુ હોય તેવા ૨ લાખ ૩૦ હજાર કરતા વધુ પ્રાથમિક શાળાના બાળકોને શાળામાં લાવવા-લઈ જવા ૧૦૮ કરોડની જોગવાઈ. મોડલ શાળાઓમાં ગર્લ્સ હોસ્ટલના બાંધકામ માટે ૧૨ કરોડની જોગવાઈ. અંદાજે ૫૦ લાખ બાળકોને મધ્યાહન ભોજના, અન્ન સંગમ યોજના, દૂધ સંજીવની યોજના અને સુખડી યોજનાનો લાભ આપવા માટે ૧૦૬૮ કરોડની જોગવાઈ.

૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના ૨ ની શરૂઆત કરાશે. આદિવાસી વિસ્તારોમાં ૫૦૦ નવા મોબાઈલ ટાવર આગામી ૨ વર્ષમાં બનાવાશે. ગ્રામ્ય કક્ષાએ સારી કનેક્ટિવિટી માટે ફ્રી વાઈફાઈની સુવિધા અપાશે. પ્રથમ તબક્કામાં ૪ હજાર ગામો માં ફ્રી વાઈફાઈ. મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજનાની જાહેરાત કરાઈ. ઉચ્ચ શિક્ષણમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ૩૫૦ કરોડની જોગવાઈ. સ્ટાર્ટ અપ ઈનોવેશન માટે ૬૦ કરોડની જોગવાઈ. નમો ટેબલેટ યોજના હેઠળ ૩ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા ૨૦૦ કરોડની જોગવાઈ. ટેકનિકલ શિક્ષણ આપતી સંસ્થાઓમાં માળખાકીય સુવિધા માટે ૧૧૭ કરોડ ફાળવાશે. પીએચ.ડી.ના એક હજાર વિદ્યાર્થીઓને શોધ યોજના હેઠળ ૨ લાખની સહાય માટે ૨૦ કરોડની જોગવાઈ. સુરતના લિંબાયત, જસદણ, બગસરા, પાલીતાણા, વરાછા, સંતરામપુર ખાતે નવી સરકારી કોલેજો શરૂ કરવામાં આવશે.આદિજાતિ વિસ્તારોના કાછલ,ડેડીયાપાડા અને ખેરગામની કોલેજોમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરાશે

ગુજરાત બજેટ: કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ. ૭૭૩૭ કરોડની જોગવાઈ

આજે વિધાનસભામાં નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩નું બજેટ નાણાંમંત્રીએ રજુ કર્યું હતું જેમાં વડાપ્રધાનશ્રીએ કૃષિ ક્ષેત્રે નવતર પ્રયોગો અને આધુનિક ટેકનોલોજી દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવાની સાથે પ્રાકૃતિક ખેતી તરફ વળવા હાકલ કરી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની વાત હોય કે કુદરતી સંકટ સમયે સહાયરૂપ થવાની વાત હોય, અમારી સરકાર ખેડૂત કલ્યાણ માટે દિવસ-રાત અવિરતપણે કાર્યરત છે.

ખેડૂત કલ્યાણને કેન્દ્રસ્થાને રાખી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પ્રત્યેક ખેડૂત ખાતેદારને વાર્ષિક રૂ.૬ હજાર સહાય આપવાની યોજના અમલી બનાવી છે. આ યોજના અંતર્ગત, આજ સુધી ગુજરાતનાં આશરે ૬૧ લાખ જેટલા ખેડૂત ખાતેદારોને સીધેસીધા તેમના બેક ખાતામાં રૂ. ૧૦ હજાર કરોડ પ્રાપ્ત થયેલ છે.

ખેડૂતોને વીજ જોડાણ તેમજ રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવા રૂ. ૮ હજાર ૩૦૦ કરોડ જેવી માતબર રકમની સબસીડી આપવામાં આવે છે. વીજ જોડાણ માટે હાલમાં પડતર બધી અરજીઓનો આઝાદીના અમૃત મહોત્સવ પર્વ પહેલા નિકાલ કરી ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવશે. કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ટ્રેકટર તેમજ વિવિધ ફાર્મ મશીનરીની ખરીદીમાં સહાય આપવા જોગવાઈ રૂ. ૨૬૦ કરોડ.રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેક્ટ માટે જોગવાઈ રૂ. ૨૩૧ કરોડ. સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ માટે જોગવાઈ રૂ. ૨૧૩ કરોડ. મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ખેતરમાં નાના ગોડાઉન બનાવવા માટે જોગવાઈ રૂ. ૧૪૨ કરોડ.

પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલ છે. આ બોર્ડ ખેડૂતોને આ અભિયાન સાથે જોડી કૃષિ ઉત્પાદન વધારવા માટે કાર્ય કરશે તે માટે જોગવાઈ રૂ. ૧૦૦ કરોડ, સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અંતર્ગત એગ્રો અને ફુડ પ્રોસેસિંગ એકમોને સહાય આપવા જોગવાઈ રૂ. ૧૦૦ કરોડ.ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના અંતર્ગત જોગવાઈ રૂ. ૮૧ કરોડ..ગુજરાત બજેટ: કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ. ૭૭૩૭ કરોડની જોગવાઈ ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે એક ડ્રમ તથા પ્લાસ્ટિકના બે ટોકર વિના મૂલ્યે આપવા માટે જોગવાઈ રૂ. ૫૪ કરોડ,ડ્રોનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરી ઉત્પાદન વધારવા અને કૃષિ ઈનપુટનો ખર્ચ ઘટાડવા જોગવાઈ રૂ. ૩૫ કરોડ.

ડાંગ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી માટે પ્રોત્સાહિત કરવા જોગવાઈ રૂ. રૂ. ૩૨ કરોડ. વન્યપ્રાણીઓ દ્વારા પાકને થતું નુકસાન અટકાવવા ખેતરની ફરતે સોલાર પાવર ફેન્સીંગમાં સહાય માટે જોગવાઈ રૂ.૨૦ કરોડ. ખેડૂતોને સમયસર અને પૂરતા જથ્થામાં રાસાયણિક ખાતર પૂરું પાડવા ખાતર સંગ્રહ માટે જોગવાઈ રૂ. ૧૭ કરોડ.કૃષિ ઉત્પાદનોના પરિવહન માટે માલવાહક વાહનની ખરીદી ઉપર સહાય આપવા જોગવાઈ રૂ. ૧૫ કરોડ.

રાજ્યના સ્થાનિક ઉત્પાદકો દ્વારા વિકસાવવામાં આવેલ કૃષિ સાધન સનેડોના ઉપયોગને સહાય આપી પ્રોત્સાહિત કરવા જોગવાઈ રૂ. ૧૦ કરોડ.

બાગાયત: બાગાયત ખાતાની યોજનાઓ માટે જોગવાઈ રૂ. ૩૬૯ કરોડ.,કમલમ્ (ડ્રેગન ફ્રુટ)ના વાવેતર વિસ્તારમાં વધારો થાય તે માટે જોગવાઈ રૂ. ૧૦ કરોડ. ,મધ ક્રાંતિને વેગ આપવા રાજ્યના ૧૦ હજાર ખેડૂતોને મધ ઉત્પાદનમાં જોડવા જોગવાઈ રૂ. ૧૦ કરોડ. ,કોમ્પ્રિહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ જોગવાઈ રૂ. ૭ કરોડ. અમદાવાદ, જામનગર અને ખેડા જિલ્લામાં બાગાયતી પાકોના સેન્ટર ઓફ એક્સેલેન્સ ઊભા કરવા માટે જોગવાઈ રૂ. ૭ કરોડ.

રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૨૧૫ કરોડથી વધુનો દારૂ ઝડપાયો

ગાંધીનગર,

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે કે નહીં, માત્ર કાગળ પર જ સખ્ત કાયદાનો અમલ થતો હોય તેવું લાગી રહ્યું છે. વિકાસશીલ અને ગતીશીલ ગુજરાત કઈ દીશામાં જઈ રહ્યું છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં એક બે નહીં પરંતુ ૨૧૫ કરોડથી વધુનો દારૂ ઝડપાયો છે.તો રાજ્યમાં પ્રતિબંધીત ડ્રગ્સતો એટલું ઝડપાયું છે કે તેના આંકડાઓ પણ ચોંકાવનારા છે. રાજ્યમાં ૩૭૦ કરોડથી વધુના નુકશાન કારક ડ્રગ્સ ઝડપાયા છે.

રાજ્યમાંથી બે વર્ષમાં ૨૧૫ કરોડ ૬૨ લાખ ૫૨ હજાર ૨૭૫ રૂપિયાની કિંમતની ૧ કરોડ ૬ લાખ ૩૨ હજાર ૯૦૪ વિદેશી દારૂની બોટલ, ૪ કરોડ ૩૩ લાખ ૭૮ હજાર ૧૬૨ રૂપિયાની ૧૯ લાખ ૩૪ હજાર ૩૪૨ લીટર દેશી દારૂ, ૧૬ કરોડ ૨૦ લાખ ૫ હજાર ૮૪૮ રૂપિયાની કિંમતની ૧૨ લાખ ૨૦ હજાર ૨૫૮ બિયરની બોટલ અને ૩૭૦ કરોડ ૨૫ લાખ ૪૮ હજાર ૫૬૨ રૂપિયાની કિંમતના અફીણ, ચરસ, ગાંજો, હેરોઈન, પોશડોડા/પાવડર અને અન્ય ડ્રગ્સ પકડાયું છે. બે વર્ષમાં ૬૦૬ કરોડ ૪૧ લાખ ૮૪ હજાર ૮૪૭ રૂપિયાની કિંમતના વિદેશી-દેશી દારૂ, બિયર અને અન્ય નશીલા દ્રવ્યો પકડવામાં આવ્યા છે.

રાજ્યના યુવાધનને રોજગારીના બદલે બરબાદીમાં ધકેલવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. શું પોલીસ અને સરકારની રહેમ નજર હેઠળ સરહદોથી ગેરકાદેસર રીતે જથ્થો ઘુસાડવામાં આવી રહ્યું છે. બે વર્ષમાં ૬૦૬ કરોડથી પણ વધુ કિંમતના વિદેશી-દેશી દારૂ, બિયર અને અન્ય નશીલા દ્રવ્યો પકડવામાં આવ્યા છે. આ ગુનાઓમાં સંડોવાયેલા ૪ હજારથી પણ વધુ આરોપીઓની ધરપકડથી દુર છે. આ વિકાસશીલ ગુજરાતની વરવી વાસ્તવિકતા છે.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ગુજરાત સહિત નવ રાજ્યોમાં ચુંટણી યોજાનાર છે



નવીદિલ્હી,

૮ જાન્યુઆરીએ ચુંટણી પંચે દેશના પાંચ રાજ્યો ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ,પંજાબ,ગોવા અને મણિપુરની વિધાનસભા ચુંટણીની તારીખો જાહેર કરી હતી તેમાં ઉત્તરાખંડ,ગોવા અને પંજાબમાં મતદાન પુરૂ થયું છે ઉત્તરાખંડ અને ગોવામાં ૧૪ અને પંજાબમાં ૨૦ ફેબ્રુઆરીએ મતદાન એક તબકકામાં સમાપ્ત થયું છે જયારે મણિપુરમાં પહેલા તબક્કામાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન થયું હતું અને બીજા તબક્કામાં આજે મતદાન થયું છે.

બીજી તરફ યુપીની વાત કરીઓ તો ચુંટણી પંચે અહીં કુલ સાત તબક્કામાં ચુંટણી કરાવવાનો નિર્ણય કર્યો હતો જેમાં છ તબકકામાં ૧૦,૧૪,૨૦,૨૩ અને ૨૭ ફેબ્રુઆરીએ અને સાતમા તબક્કાનું મતદાન આજે સમાપ્ત થયું છે.આ ઉપરાંત અંતિમ તબકકામાં સાત માર્ચે મતદાન થનાર છે આ સાથે જ યુપીમાં વિધાનસભા ચુંટણી સંપન્ન થઈ જશે ત્યારબાદ બધાની નજર ૧૦ માર્ચે આવનાર પરિણામ પર ટકેલી રહેશે.

જો કે આ વર્ષ એટલે કે ૨૦૨૨માં જ કેટલાક અન્ય રાજ્યોમાં પણ ચુંટણી થનાર છે અને તેની ગરમી અત્યારથી જ શરૂ થઈ ગઈ છે.તમામપાર્ટીઓના નેતા તે રાજ્યોના પ્રવાસ કરવા લાગ્યા છે અને એક રીતે ચુંટણીને ધ્યાનમાં રાખી પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.આ વર્ષ જે રાજ્યોમાં ચુંટણી છે તેમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશ સામેલ છે.ગુજરાતમાં જયાં ડિસેમ્બરમાં ચુંટણી યોજાઈ શકે છે ત્યાં હિમાચલ પ્રદેશમાં નવેમ્બરમાં ચુંટણી થવાની સંભાવના છે. આ ઉપરાંત જો જમ્મુ કાશ્મીરમાં પણ ચુંટણી થશે તો કુલ ત્રણ રાજ્યોમાં ચુંટણી થશે

આવી જ રીતે ૨૦૨૩ પણ ચુંટણીના હિસાબથી એક મોટું વર્ષ રહેનાર છે ૨૦૨૩માં કુલ નવ રાજ્યોમાં ચુંટણી યોજાનાર છે.તેમાં મધ્યપ્રદેશ,રાજસ્થાન છત્તીસગઢ કર્ણાટક તેલંગણા ત્રિપુરા મેઘાલય નાગાલેન્ડ અને મિઝોરમ સામેલ છે. જયારે ૨૦૨૪માં લોકસભાની ચુંટણી પણ થનાર છે.

૨૪ એપ્રિલે બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા, ગૌણ સેવા પંસદગી મંડળ દ્વારા જાહેરાત કરાઈ

ગાંધીનગર,

વિવાદોમાં આવેલી બિનસચિવાયલ પરીક્ષાની તારીખ આખરે જાહેર થઈ ગઈ છે. ૨૪ એપ્રિલે બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા લેવાશે તેવી જાહેરાત કરાઈ છે. ગૌણસેવા પસંદગી મંડળની પરીક્ષાની જાહેરાત કરીને કહેવાયુ કે, મોકૂફ રખાયેલી બિનસચિવાલય પરીક્ષા હવે ૨૪ એપ્રિલે લેવાશે. ઉલ્લેખનીય છે કે, ૫૦ દિવસ બાદ બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા લેવાશે.

આપને જણાવી દઈએ કે, બે વર્ષમાં ત્રીજી વાર બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા મોકૂફ રહેતા રાજ્યભરના ઉમેદવારોમાં રોષ ફાટી નીકળ્યો હતો. ઉમેદવારો દ્વારા તાત્કાલિક પરીક્ષાની તારીખ જાહેર કરવા માંગ ઉઠી હતી.

વડોદરામાં કરોડોનું હોમ લોન કૌભાંડ ઝડપાયું

વડોદરા,

બોગસ ગ્રાહકો અને દસ્તાવેજો બનાવી તેના આધારે વડોદરાની ચોલામંડલમ ફાઈનાન્સ કંપની સાથે રૂપિયા ૭૦ કરોડનું કૌભાંડ સામે આવ્યું છે. જેમાં ફાઈનાન્સ કંપનીના સેલ્સ મેનેજર સહિત સહિત ૨૨ ભેજાબાજ સામે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાઈ છે.

વડોદરા સ્થિત ચોલામંડલમ ફાયનાન્સ કંપનીના સેલ્સ મેનેજર સહિત ૨૨ કર્મીઓએ ૩૪ બોગસ ગ્રાહકો ઉભા કરી ફાયનાન્સ કંપની પાસેથી ૧૦ થી ૨૩ લાખની લોન આપીને ૭૦ કરોડનું કૌભાંડ આચર્યું છે. જેમાં બોગસ વેલ્યુએશનના રિપોર્ટસ પણ બનાવામાં આવ્યાં હતાં. આમ ભેજાબાજો દ્વારા ફૂટપાથ પર રહેતા લોકોના નામે કરોડોનું ફુલેકુ ફેરવ્યું છે. ઉલ્લેખનીય છે કે, લોકોએ લોનના હપ્તા ન ભરતા આ સમગ્ર ભાંડો ફૂટ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, હોમ લોનનું કૌભાંડ સામે આવાતાં ફાયનાન્સ કંપની અધિકારીઓએ આ મામલે ગોત્રી પોલીસ મથક લેખિતમાં ફરિયાદ આપવામાં આવી હતી ત્યાર બાદ નિવેદન નોંધાવી જરૂરી દસ્તાવેજી પુરાવા પણ રજૂ કરવામાં આવ્યાં હતાં. તેમ છતાં પોલીસે ફરિયાદ ન લીધી હતી.જેથી કંપનીએ કોર્ટનો સહારો લીધો હતો. ત્યારબાદ કોર્ટે પોલીસને હુકમ આ મામલે તાત્કાલિક ફરિયાદ નોધી કાર્યવાહી હાથ ધરવાનું કહેતાં પોલીસે આ મામલે ગુનો નોંધી સેલ્સ મેનેજર સહિત ૨૨ શખ્સો સામે ગુનો દાખલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તપાસ દરમિયાન પોલીસે હોમ લોન કૌભાંડના મુખ્ય સૂત્રધાર સન્ની ઠક્કરને ઝડપી પાડી વધુ પુછ પરછ હાથ ધરી છે.

વિદેશી કરન્સીની ખરીદી પર ૩૦% કમિશન વસૂલવા રશિયન સેન્ટ્રલ બેંકનો આદેશ

નવીદિલ્હી,

યુક્રેન સામે યુદ્ધ છેડતા દુનિયાના ટોચના દેશોએ રશિયા સામે મોરચો માંડ્યો છે. ચારેય તરફથી ઘેરવા માટે રશિયાના ટોચના સેક્ટર્સને નબળું પાડીને આર્થિક રીતે રશિયાને દબાવવાની ચાલ ખેલાઈ રહી છે.રશિયાના શેરબજાર અને રશિયાની કરન્સી પર તેની ગંભીર અસરો વર્તાઈ રહી છે. ચલણના ઘસારાને રોકવા માટે રશિયાની સેન્ટ્રલ બેંકે વ્યાજદર એક જ ઝાડકે બમણાં કર્યા બાદ હવે વિદેશી કરન્સીની ખરીદ પર ૩૦% કમિશન લાદવાનો નિર્ણય કર્યો છે.

રશિયાની સેન્ટ્રલ બેંકોના આદેશ કરતા પરિપત્રને ટાંકીને બ્રોકરોએ રોઈટર્સને આપેલ માહિતી અનુસાર સેન્ટ્રલ બેંકે કોઈપણ વ્યક્તિ દ્વારા કરન્સી એક્સચેન્જ પર ફોરેન કરન્સીની ખરીદી પર ૩૦% કમિશન વસૂલવાનો આદેશ કર્યો છે.

બેંકનો આ નિર્ણય રશિયન રૂબેલના ઘટાડાને રોકવા મહત્વપૂર્ણ ભાગ ભજવી શકે છે. દેશમાં કરેલ રોકાણ પરત ખેંચવા માટે રૂબેલની સામે વિદેશી કરન્સી એક્સચેન્જ થાય અને રૂબેલની મોટાપાયે વેચવાલીને અટકાવવા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સેન્ટ્રલ બેંકે આ અંગે જાહેરમાં આધિકારીક ટિપ્પણી કરવાનો ઈકાર કર્યો છે પરંતુ બ્રોકરોને આ આદેશનું ફરજિયાત પાલન કરવા સૂચના આપવામાં આવી છે.

ખાનગી મેડિકલ કૉલેજોમાં હવે સરકારી કૉલેજોને સમાન હશે ૫૦ ટકા સીટો પર ફી

નવીદિલ્હી,

ભારતની ખાનગી કૉલેજોમાં અત્યાધિક ફીના કારણે મેડિકલ સીટો મેળવવી મુશ્કેલ હોય છે. આના કારણે નેશનલ મેડિકલ કમિશને ભારતમાં દેશની ખાનગી કૉલેજોને સરકારી કૉલેજોની ફી પર ૫૦ ટકા સીટો આપવા માટે દિશાનિર્દેશ જાહેર કર્યા છે. એટલે કે આવતા શૈક્ષણિક સત્રથી પ્રાઈવેટ કૉલેજોની ૫૦ ટકા સીટોની ફી સરકારી કૉલેજો સમાન હશે. આ સાથે આ ગાઈડલાઈન અનુસાર પ્રાઈવેટ કૉલેજ એક સીમાથી વધુ ફીમાં વધારો નહિ કરી શકે. આ સાથે જ પ્રાઈવેટ કૉલેજમાં ૫૦ ટકા સીટો પર ફી સરકારી કૉલેજોને સમાન હશે. અધિકૃત સૂત્રો અનુસાર એનએમસીના દિશા-નિર્દેશમાં કહેવામાં આવ્યુ છે કે પ્રાઈવેટ મેડિકલ કૉલેજો અને ડીમ્ડ વિશ્વવિદ્યાલયોમાં ૫૦ ટકા સીટોની ફી રાજ્યની સરકારી મેડિકલ કૉલેજોને સમાન હોવી જોઈએ. આ નિયમ આવતા શૈક્ષણિક સત્રથી પ્રભાવી થશે. આ ગાઈડલાઈનને દરેક રાજ્યની ફી નિર્ધારણ સમિતિએ પોતાની સંબંધિત મેડિકલ કૉલેજો માટે અનિવાર્ય રીતે લાગુ કરવાની રહેશે.

કાલોલ નગરપાલિકા, જી.પંચમહાલ

ટુંકી મુદતની ટેન્ડર નોટીસ ક્રમાંક નં.૦૧/૨૦૨૨/આરોગ્ય

આથી રસ ધરાવતા અનુભવી ઈજાદારશ્રીઓને જણાવવાનું કે, કાલોલ નગરપાલિકાના સ્વભંડોળ હેઠળ નગરપાલિકા વિસ્તારમાં એકઠો થયેલ ઘન કચરો અંદાજીત ૧૫૦-૨૦૦ ટન ઘન કચરો ઉપાડી વૈજ્ઞાનિક ધોરણે નિકાલ કરવાના કામો માટે ઈજાદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઈજાદારશ્રીએ અનુભવના સર્ટિફિકેટ, દસ્તાવેજ સાથે અરજી કરવી કોરા ટેન્ડર કાલોલ નગરપાલિકાની ઓફિસેથી સેનેટરી શાખા માંથી તા.૧૫/૦૩/૨૦૨૨ સુધી ઓફિસ સમય દરમ્યાન ટેન્ડર ફી ભર્યેથી મેળવી લેવાના રહેશે. ડિપોઝીટની રકમ રોકડામાં અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ભરવાની રહેશે. સીલબંધ ટેન્ડરો અલગ કવરમાં કવર ઉપર કામનું નામ લખી રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી અથવા સ્પીડ પોસ્ટથી 'ચીફ ઓફિસર કાલોલ નગરપાલિકા' ના નામે તા.૧૯/૦૩/૨૦૨૨ ના રોજ સાંજે ૪-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડર મંજુર ના મંજુર કરવાની સત્તા નગરપાલિકાની રહેશે.

અ.નં.	કામનું નામ	અંદાજીત કિંમત	૧. ટેન્ડર ફી ૨. એર્નેસ્ટમની ડિપોઝીટ
૧	નગરપાલિકા વિસ્તારમાં એકઠો થયેલ ઘન કચરો અંદાજીત ૧૫૦-૨૦૦ ટન ઘન કચરો ઉપાડી વૈજ્ઞાનિક ધોરણે નિકાલ કરવાના કામ	૨,૦૦,૦૦૦/-	૧) રૂ.૧૦૦૦/- ૨) રૂા.૪,૫૦૦/-

સહી (વિનય કે. ડામોર) ચીફ ઓફિસર કાલોલ નગરપાલિકા જી.પંચમહાલ

સહી (જ્યોત્સનાબેન આ. બેલદાર) અધ્યક્ષ, આરોગ્ય સમિતિ કાલોલ નગરપાલિકા જી.પંચમહાલ

સહી (શેફાલી એ. ઉપાધ્યાય) પ્રમુખ કાલોલ નગરપાલિકા જી.પંચમહાલ

માહિતી/ગોધરા/૯૮૯/૨૦૨૨

ટેન્ડર જાહેરાત

આથી સંબધકર્તા વેપારીઓ / સહકારી સંસ્થાઓ મંડળીઓ વિગેરે તમામ ને જણાવવાનુ કે અવંતિકા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઔધોગિક તાલીમ સંસ્થા રામપુરા (કાંકણપુર) તા. ગોધરા, જી. પંચમહાલમાં ચાલતા ટ્રેડો ૧) ફીટર ૨) ઈલેક્ટ્રિશીયન ૩) વેલ્ડર માટેની જરૂરી રો-મટીરીયલ કાચા માલસામાન, સ્ટેશનરી ખરીદી તેમજ મશીનરી રીપેરીંગ, ફર્નીચર રીપેરીંગ, મકાન મેન્ટેનન્સ, એસી રીપેરીંગ, CCTV રીપેરીંગ નાં મજુરી તેમજ માલસામાન સાથેના ભાવો તેમજ તાલીમાર્થી પ્રવાસ મુસાફરી અંગેનાં ભાવો વિગેરે માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ તા. ૦૧/૦૪/૨૦૨૨ થી તા. ૩૧/૦૩/૨૦૨૩ સુધીના સમય માટે વાર્ષિક ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી થી મંગાવવામાં આ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

બરોડા ગુજરાત ગ્રામિણ બેન્ક મોટીસરસણ શાખામાંથી બે મૃતકોનાં વારસદાર પુત્રોને ૨-૨ લાખના ચેકો આપવામાં આવ્યા

સંતરામપુર,

સંતરામપુર તાલુકામાં આવેલ બરોડા ગુજરાત ગ્રામિણ બેન્ક મોટીસરસણ શાખામાં હિતેશભાઈ રતનાભાઈ બારીઆ ગામ. મોટીસરસણ (બારીઆના મુવાડા) તેમના પિતા રતનાભાઈ જેઠાભાઈ બારીઆ (ઉ.વ .૪૩)નું અવસાન તા. ૦૪ /૧૧/ ૨૦૨૧ના રોજ અકસ્માત થી થયું હતું અને કલ્પેશભાઈ સુખાભાઈ ગોરી ગામ.આંજણવા તા.સંતરામપુર, તેમના માતા દોલીબેન સુખાભાઈ ગોરી (ઉ.વ .૪૮)નું અવસાન તા.૧૨/૦૬/ ૨૦૨૧ ના રોજ કુદરતી રીતે થયુ હતું. ત્યારબાદ તેઓનું ખાતું બંધ કરાવવા માટે તેમના પુત્રો બેંકમાં

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

આવ્યા હતા. ખાતું બંધ કરાવવા બેંક કર્મચારીઓને જાણ કરતા તેઓએ આ બંને પુત્રોને મદદરૂપ થઈ ખાતાની તપાસ કરતા તેમના ખાતામાંથી પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજનાના ૩૩૦ રૂપિયાનો વિમો કરાવેલો હતો. તેની જાણ બંને પુત્રોને કરી અને બેંક કર્મચારીએ વિમા કલેમ્પના દસ્તાવેજ મંગાવીને મૃત્યુ પામનારના બંને ભાઈઓ વારસદાર પુત્રોને બે-બે લાખ રૂપિયાનો વિમા કલેમ્પનો ચેક મોટીસરસણ શાખાના મેનેજર પ્રદિપ શર્મા તેમજ બેંક સ્ટાફના હસ્તે બન્ને પુત્રોને ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજનાનો લાભ બેંકમાં બચત આપ ધરાવતા જેમની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષની હોય તેવા તમામ ખાતા ધારકો લઈ શકે છે. જેનું પ્રિમિયમ વાર્ષિક રૂ.૩૩૦ છે. કુદરતી રીતે અથવા અકસ્માતથી મૃત્યુ થાય તેમને રૂ.૨ લાખ મળવાપાત્ર છે. જેમાં એફ.આઈ.આર. કે પી.એમ રીપોર્ટની જરૂર નથી. જ્યારે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનો લાભ બેંકમાં બચત ખાતુ ધરાવતાં હોય જેમની ઉંમર ૧૮ થી ૭૦ વર્ષની હોય તેવા ખાતા ધારકો લઈ શકે છે, જેમનું પ્રિમિયમ વાર્ષિક રૂ .૧૨ છે. અકસ્માતમાં મૃત્યું થાય તો જ અને જેમાં ફરજીયાત એફ.આઈ.આર. અન.પી.એમ. રીપોર્ટ હોય તો તેમને રૂ.૨ લાખ રૂપિયા પુરાનો વિમો મળવાપાત્ર છે.

બેંકમાં બચત ખાતું ધરાવતા ૧૮ થી ૫૦ વર્ષની ઉપરવાળા તમામ ખાતા ધારકો પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના તથા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના બન્ને વીમા લઈ શકે છે, જેમનું પ્રિમિયમ રૂ.૩૩૦ અને ૧૨ છે. અકસ્માત થી મૃત્યુ થાય તો બન્ને વિમાના રૂપિયા ચાર લાખ મળવાપાત્ર છે. છેલ્લા એક વર્ષમાં બરોડા ગુજરાત ગ્રામિણ બેંકમાંથી ૮ લોકોને આ યોજનાનો લાભ મળેલ છે.

સરકારી વિનયન કોલેજ શહેરાના ઉપક્રમે "નવી સુરેલી પ્રાથમિક શાળા" ખાતે ૭ દિવસની NSS શિબિરનો પ્રારંભ થયો

શહેરા,

સરકારી વિનયન કોલેજ શહેરાના ઉપક્રમે "નવી સુરેલી પ્રાથમિક શાળા"ખાતે ૭ દિવસની એન.એસ.એસ. શિબિરનો પ્રારંભ થયો છે.આ શિબિરની મુખ્ય થીમ સરકારના પાંચ પ્રકલ્પ અંતર્ગત "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તથા પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ -જાગૃતિ" વિષય ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

શહેરાની સરકારી વિનયન કોલેજ અંતર્ગત પ્રાથમિક શાળા નવી સુરેલી ગામે સરકારી કોલેજ શહેરાની "રાષ્ટ્રીય સેવા યોજના" (NSS) ની વાર્ષિક શિબિરનો પ્રારંભ થયો છે. આ શિબિરની મુખ્ય થીમ સરકારના પાંચ પ્રકલ્પ અંતર્ગત "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તથા પર્યાવરણ,

તસ્વીર : તુષાર દરજી, શહેરા

સ્વચ્છતા, જળ સંરક્ષણ-જાગૃતિ" વિષય ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના પ્રારંભ માં શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યું હતું. ત્યારબાદ મુખ્ય અતિથિઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરીને ગામના સરપંચ સુરેશભાઈ સુથારે કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. સાત દિવસીય શિબિર ના પ્રારંભિક કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના એક્ઝિક્યુટિવ કાઉન્સિલર અને મીડિયા સેલ કન્વીનર ડો. અજય સોની વિશેષ હાજર રહ્યા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં એન.એસ.એસ ની સેવાકીય પ્રવૃત્તિઓ ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. અતિથિ વિશેષ તરીકે જિલ્લા સદસ્ય ડો. કિરણસિંહ બારીયાએ હાજરી આપી પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું હતું. તેમણે પોતાના વક્તવ્યમાં ગામ લોકોને આ સેવાકીય પ્રવૃતિમાં સહયોગ આપવા જણાવ્યું તે ઉપરાંત સી.આર.સી રમેશ પરમાર, આચાર્ય ભાવસિંહ વણઝારા, ભીખાભાઈ ખાંટ , કપીલા બેન એમ. પટેલ શહેરા તાલુકા સદસ્ય એ વિશેષ હાજરી આપી હતી. ત્યારબાદ કોલેજના સિનિયર પ્રો. ડો. દિનેશ માછીએ રાષ્ટ્રીય સેવાકીય પ્રવૃત્તિઓ ઉપર ભાર મૂક્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.મિનેશ હઠિલા દ્વારા કરવામાં આવ્યું હતું.

બાલાસિનોર હેલ્થ દ્વારા રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય અંગે કાર્યક્રમ યોજયો

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકા હેલ્થ ઓફિસર ડી.સી.વાટલીયાના ના માર્ગદર્શન હેઠળ અને મેડીકલ ઓફિસર ડો.સચિન ઉપાધ્યાયના સહયોગથી પ્રા.આ.કેન્દ્ર ગુંથલી રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આશા બહેનો અને પિયર એજ્યુકેટર બોલાવીને રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ વિશે સમજાવવામાં આવ્યા તેઓને કિશોરાવસ્થાના ફેરફારો, પોષક આહાર, સ્વચ્છતા અને ખોરાકની ટેવો, લોહતત્વ યુક્ત ખોરાક, રોડ ટ્રાફિક અકસ્માત,

શાળા છોડી દેવી તથા નાની ઉંમરે લગ્ન, યુવાની અને હિંસા, એનિમિયા, સિકલસેલ એનિમિયા, વ્યસન જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી અને પિયર અને (RKSK) ટોપી અને ટીશર્ટ આપવામાં આવી. જેમાં FHS અને એડોલેસન હેલ્થ કાઉન્સેલર (RKSK) હાજર રહ્યા હતા.

હાલોલ જાંબુડી રોડ પર આવેલી પુજાપાર્ક અને સાંઈપાર્ક વિસ્તારના રહેણાંક મકાન પાસે પાર્ક કરેલી ત્રણ અલગ-અલગ મોટર સાઈકલની ચોરી



હાલોલ,

હાલોલ પાવાગઢ રોડ જાંબુડી જવાના માર્ગને અડીને આવેલા મકાન માલિક અરવિંદભાઈ ધનાભાઈ રાઠવા રહે. જાંબુડી રોડ પુજાપાર્ક સોસાયટી કડીયાકામ મજુરી ધંધો કરી પોતાના ઘરની બાજુ એ સાંજે પોતાની મોટરસાયકલ નંબર.G.J.17.B.L.8611 ઘરની આગળ પાર્ક કરી હતી. દરમ્યાન રાત્રીનો અંધારાનો લાભ લઈ કોઈ ચોર ઈસમ લઈ ગયેલ છે. તેવુ સ્થાનિક આજુ બાજુના રહીશોને જણાવેલ ત્યારબાદ વધુ બીજી બે મોટરસાઈકલ આજ વિસ્તાર માંથી ચોરી થઈ હોવાનું જાણવા મળેલ છે. શૈલેષ કુમાર અદેસિહ રાઠવા.મુળ રહે.બચકા સાલીઆવ. કાલોલ હાલ પુજાપાર્ક સોસાયટી જાંબુડી રોડ તેઓની મોટરસાઈકલ નંબર. G.J.17. A.Q.4133 હીરો સ્પેલેન્ડર પ્લસ કાળા કલરની સફેદ પટ્ટા વાળી મોટરસાઈકલ ચોરી થઈ હોવાનુ જણાવેલ.જેઓ પરેશભાઈ ગોરધનભાઈ રાઠવાનાઓના મકાનમાં ભાડે રહે છે. તેમજ જાંબુડી રોડ પર સાઈપાર્ક સોસાયટી ચર્ચની બાજુએ રહેતા નીલેશભાઈ રમણભાઈ રાઠવા તેઓની મોટરસાઈકલ નંબર. G.J.17.B.P.4306 હીરો સ્પેલેન્ડર પ્લસ કાળા રંગની સફેદ પટ્ટા વાળી મોટરસાઈકલ ચોરી થઈ હોવાની ફરિયાદ હાલોલ રૂરલ પોલીસ સ્ટેશને જાણ કરાઈ અને ત્રણ મોટર સાઈકલ ચોરી થઈ હોવાનુ જણાવેલ જે એક મોટરસાઈકલની કીંમત.૧૦.૦૦૦ ગણી કુલ ત્રણની ૩૦.૦૦૦ મુદ્દામાલની ચોરી થઈ હોવાનુ શૈલેષકુમાર અદેસિહ રાઠવા તથા નીલેશભાઈ રમણભાઈ રાઠવા નાઓએ ત્રણેય મોટરસાઈકલ ચોરી ગયા હોવાની જાણ કરી ચોર ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા હાલોલ રૂરલ પોલીસે ચકો ગતીમાન કર્યા.

સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ખાતે RUSA અંતર્ગત ટેક્નિકલ, મોટીવેશનલ અને ENTERPRENURSHIP વિષય પર કાર્યક્રમો યોજાયા

ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ખાતે GTU ના ડીન અને સ.ઈ.કો, ભાવનગર ના આચાર્ય ડો જી પી વડોદરિયા, વડોદરાના જાણીતા ઈન્ટરનેશનલ સ્પીકર રોહિત દવે અને અમદાવાદના જાણીતા હાસ્ય કલાકાર અને મોટીવેશનલ સ્પીકર સુરેશદાન ગઢવીના આખા દિવસ નો કાર્યક્રમ યોજાયેલ હતો.

આચાર્ય પ્રો.એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ RUSA અંતર્ગત યોજાયેલ પ્રોગ્રામનું કોર્ડિનેશન પ્રો.હાર્દિક શુક્લ, ઈન્ચાર્જ પ્રો.નીતિ દેસાઈ મેડમે કર્યું હતું. વડોદરિયાએ "Career opportunities in Engineering" વિષય પર, રોહિત દવે "Enterprenurship skills" વિષય પર અને સુરેશદાન ગઢવીનું "જીવન જીવવાની કળા" વિષય પર ખુબ જ રસપ્રદ વક્તવ્ય યોજાઈ ગયેલ હતું. પ્રો હાર્દિક શુક્લ એ જણાવ્યું હતું અલગ અલગ બે સેમિનાર હોલ મા યોજાયેલ કાર્યક્રમમાં આશરે ૧૭૦ કરતા વધારે વિદ્યાર્થીઓ અને ૨૨ જેટલા અધ્યાપકો એ લાભ મેળવ્યો હતો અને વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ખૂબ રસપ્રદ માહિતી મળી હતી. કાર્યક્રમમાં પ્રો.એસ.એલ.પંચાલ, પ્રો.ગોપી દામલે, પ્રો. વિપુલ ભટ્ટ, પ્રો. દીક્ષિત પાઠક, પ્રો. અંકિત બ્રહ્મભટ્ટ, પ્રો. એમ.એમ. પોમલ વિગેરે નો સહકાર મળી રહ્યો હતો. મિકેનિકલના વિદ્યાર્થીઓ વિશાલ સિંઘ, એબેન વિલસન,જેસીકા પ્રજાપતિ વિગેરે વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, આ પ્રકાર હતું કે, આ પ્રકારના આયોજન થી અમારા વિદ્યાર્થીઓને ખુબ જ મજા પડી હતી અને અમને કેરિયર માટે ખુબ ઉપયોગી નીવડશે.

ઘોઘંબાના નવાકુવા ગામે પતિના ત્રાસ થી કંટાળીને પત્નીએ ઝેરી દવા પી મોતને વ્હાલું કર્યું

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના નવાકુવા ગામે રહેતા ૨૪ વર્ષીય પરણિતા સાથે તેનો પતિ અવાર-નવાર શારીરિક માનસીકત્રાસ આપતો હોય અતિશય ત્રાસ થી કંટાળીને પરણિતાએ ઝેરી દવા પી મોતને વ્હાલું કરતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે આરોપી પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના નવાકુવા ગામે રહેતા સલીનાબેન ઉ.વ.૨૪ને તેનો પતિ સલીમભાઈ જસુભાઈ ચૌહાણ અવાર-નવાર તકરાર ઝગડો કરી સિલાઈ કામના પૈસા પણ લઈ જઈને શારીરિક અને માનસીક ત્રાસ આપતો હોય સલીનાબેન થી કાયમી ત્રાસ સહન નહિ થતાં ઘર થી પાસે આવેલ આવાસના મકાનમાં જઈ કોઈ ઝેરી દવા પી જઈને મોતને વ્હાલું કર્યું હતું. આ બાબતે રાજગઢ પોલીસ મથકે મરણજનારની બહેન દ્વારા આરોપી સલીમભાઈ જશુભાઈ ચૌહાણ વિરૂદ્ધ નોંધાવતા આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

શહેરાના કવાલી ગામની મહિલા સીમલેટ પાસે કેનાલમાં બે બાળકોને બચાવવા જતાં મહિલાનું ડુબી જવાથી મોત

શહેરા,

શહેરા તાલુકાના કવાલી ગામે રહેતી મહિલા પોતાના ત્રણ છોકરાઓ સાથે સીમલેટ ફળીયા પાસેથી પાનમ કેનાલ કપડાં ધોવા માટે ગયેલ હતા. તે દરમિયાન બે બાળકો કેનાલના પાણીમાં પડતા બચાવવા માટે માતા પણ પાણીમાં પડતા ડુબી જતા બહાર કાઢી શહેરા સરકારી દવાખાનામાં ખસેડતા મહિલાને મૃત જાહેર કરવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના કવાલી ગામે રહેતા રેખાબેન વિક્રમભાઈ ડામોર ઉ.વ.૩૫ પોતાના ઘરેથી સીમલેટ ફળીયા પાસે પાનમ કેનાલમાં પોતાના ત્રણ સંતાનો સાથે કપડાં અને ગોદડા ધોવા ગયેલ હતા. દરમિયાન રેખાબેનના બે છોકરા જયેશ અને મયુર કેનાલના પાણીમાં પડતા બાળકોને બચાવવા માટે રેખાબેને કેનાલના પાણીમાં પડતા પાણીમાં ડુબી જતા અન્ય લોકો એ રેખાબેનને પાણીમાંથી બહાર કાઢીને શહેરા સરકારી દવાખાનામાં સારવાર માટે લાવતા હાજર તબીબ દ્વારા મહિલાને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ બાબતે શહેરા પોલીસ મથકે અ.મોતનો ગુનો નોંધાવામાં આવ્યો.

હાલોલના રવાલીયા ગામેથી ૪ જુગારીયાને ઝડપી પાડતી પોલીસ

હાલોલ,

હાલોલ તાલુકાના રવાલીયા ગામે ખુલ્લા ખેતરમાં જુગાર રમતા હોય તે સ્થળે હાલોલ રૂલર પોલીસે રેઈડ કરી ૪ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના રવાલીયા ગામે ગણેશ ધોડા ફળીયામાં ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ધારાસિંહ આપસિંગ નાયક, ઈશ્વરભાઈ ભયજીભાઈ નાયક, અશોક ધીરાભાઈ નાયક, કિરણ પ્રતાપભાઈ નાયકને ઝડપી પાડવામાં આવ્યા હતા. અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૩૩૪૦/-રૂપીયા કબ્જે લઈ આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

આપની આજ.....

મેષ (અ.લ.ઈ.) : કામકાજમાં પ્રસન્નતાનો અનુભવ થશે, ધંધામાં આકસ્મિક ધનલાભની સંભાવના બને છે, જમીન અથવા ખેતીમાં લાભ જણાશે, નોકરીમા સારા અધિકાર કે પ્રમોશનની શક્યતા જણાય.

વૃષભ (બ.વ.ઉ.) : ધ્યેયપ્રાપ્તિમાં સફળતા મળશે, સરકારી કામમાં અનુકૂળતા રહેશે, ભૌતિક સુખ-સુવિધામાં વૃદ્ધિ થશે, વ્યવસાયમાં ઉત્તમ ધનલાભ થશે.

મિથુન (ક.છ.ઘ.) : માનસિક અશાંતિનો અનુભવ થશે, કામમાં મહેનત વધારે કરવી પડશે, ધન બાબતે પરેશાની જણાશે, વ્યવસાયમાં મધ્યમ ફળ મળશે.

કર્ક (ડ.હ.) : પારિવારિક કલેશનો સામનો કરવો પડશે, સામાન્ય માનસિક તનાવ જણાશે, પાચન સંબંધી તકલીફ જણાશે, ઉપરી અધિકારીથી તકલીફ જણાશે.

સિંહ (મ.ટ.) : પારિવારિક સંબંધોમાં લાભ થશે, સુખ-સાધનોમાં વૃદ્ધિ થશે, આર્થિક સુખ સારું મળશે, કામકાજમાં પ્રગતિ થશે.

કન્યા (પ.ઠ.ણ.) : વિકાસના કામમાં સફળતા મળશે, વિરોધપક્ષથી વિજય મેળવશો, ન્યાય તમારા પક્ષે રહેશે, ધંધામાં લાભ થશે.

તુલા (ર.ત.) : કરેલા પ્રયત્નો ઓછા ફળદાયી બનશે, સાથીમિત્રોથી ઓછો સહકાર મળશે, સંપત્તિની બાબતે ઓછું સુખ જણાશે, લેવડ-દેવડમાં મુશ્કેલી રહેશે.

વૃશ્ચિક (ન.ય.) : અકારણ ચિંતાથી કામ બગડશે, ખર્ચાઓ ઉપર કાબૂ રાખવો જરૂરી છે, કામકાજમાં ઓછી સફળતા જણાય છે, મહેનત વધે અને ફળ ઓછું મળે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : રચનાત્મક કાર્યોમાં સફળતા મળશે, રોજગારી માટેના પ્રયત્નો સફળ બનશે, આર્થિક બાબતોમાં વિકાસ થશે, સામાજિક માન-પ્રતિષ્ઠા વધશે.

મકર (ખ.જ) : ખોટા ખર્ચાઓથી પરેશાનીમાં વધારો થશે, યોગ્ય અંતરથી કામ કરવાથી લાભ થશે, નોકરીમાં થોડી પરેશાની જણાશે, ધંધાકીય બાબતોમાં મધ્યમ ફળ મળશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : ધંધાકીય ક્ષેત્રમાં સફળતા મળશે, પદોન્નતિ માટે નવી તકો મળશે, પરિવારનો પ્રેમ મેળવી શકશો, આપના મનની મૂંઝવણો દૂર થશે.

મીન (દ.ચ.ઝ.થ) : કામકાજમાં સાવચેતીથી કામ કરવું, અચાનક ખર્ચથી પરેશાની વધશે, સ્વજનો દ્વારા પરેશાની સંભવે છે, નોકરીયાત વર્ગ માટે સારો સમય છે.

યુક્રેનના ખેરસોન શહેર પર રશિયન સેનાનો ફરી કબજો, રેલ્વે સ્ટેશન અને ખેરસોન નદીનું બંદર યુક્રેને ગુમાવ્યું

કીવ,

યુક્રેનના ખેરસોન શહેર પર રશિયન સેનાએ કબ્જો કરી લીધો છે. શહેરના મેયર ઈગોર કોલયખાયેવે કહ્યુ કે રશિયન સેનાએ રેલ્વે સ્ટેશન અને ખેરસોન નદીના બંદર પર કબ્જો કરી લીધો છે. રશિયાના સૈનિકોની શહેરના સેન્ટ્રલ સ્કવાયર પર હાજરી અને રાતના સમયે શહેરની પ્રમુખ ઈમારત નજીક થયેલી લડતની પુષ્ટિ પણ થઈ ગઈ છે. આ શહેર મોસ્કોના નિયંત્રણવાળા ક્રીમિયા નજીક છે.ખેરસોનના મેયરે જણાવ્યુ હતુ રશિયન સેના ખેરસોન નજીક પહોંચી છે. સૈનિકોએ શહેરની બહાર ચેકપોઈન્ટ બનાવવાનુ શરૂ કરી દેવાયુ હતુ. તેમણે કહ્યુ હતુ કે ખેરસોન હંમેશા યુક્રેનની સાથે હતુ અને હંમેશા યુક્રેનની સાથે રહેશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગયા અઠવાડિયે યુક્રેન પર હુમલાનો આદેશ આપ્યો હતો. જે બાદ ક્રીમિયા સહિત કેટલાક દિશાઓમાં યુક્રેન પર હુમલો શરૂ થઈ ગયો. રશિયન સેનાના વીડિયો પણ સામે આવ્યા હતા, જેમાં સૈનિકોના વાહનોને શહેરની અંદર ઘૂસતા જોઈ શકાતા હતા. આ દરમિયાન રસ્તા પર રશિયન ટેંકો ચાલતી જોવા મળી. એવામાં લોકોની

વચ્ચે ડરનો માહોલ હતો.

મેયર ઈગોર કોલયખાયેવે કહ્યુ, હુ પોતાના શહેરના લોકોના જીવન અને તેમની સુરક્ષા માટે જવાબદાર છુ. તેમણે લોકોને ઘરને છોડીને બહાર ન જવાનુ કહ્યુ છે. કોલયખાયેવે કહ્યુ કે અમારા માટે સૌથી મોટુ મૂલ્ય લોકોનુ જીવન છે. આ કોઈ લડત નથી આ એક યુદ્ધ છે. ખેરસોન શહેરની વસતી ૨,૮૦.૦૦૦ છે અને આ ક્રીમિયા પ્રાયદ્વીપના ઉત્તરમાં હાજર છે. ક્રીમિયા પર ૨૦૧૪માં રશિયાએ કબ્જો કરી લીધો હતો. રશિયાએ રવિવારે જ ખેરસોન શહેરને ઘેરવાની વાત કહી દીધી હતી. રશિયન સેનાએ એ પણ કહ્યુ કે તેમનુ બંદર શહેર બર્દિયાંસ્ક પર પણ કબ્જો છે. આજોવ સાગર પર ક્રીમિયાના ઉત્તર-પશ્ચિમમાં સ્થિત છે.

રશિયા અને યુક્રેનનું યુધ્ધ ભયંકર સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. એક તરફ રશિયા અને યુક્રેન બંને જીદ પર ચડીને યુધ્ધને રોકવા તૈયાર નથી. રશિયાએ યુક્રેનમાં સંખ્યાબંધ મોરચા કોલ દીધા છે. ખેરસોન શહેર પર રશિયાનો કબજો થઈ ગયો છે તો યુક્રેનના બીજા નંબરના સૌથી મોટા શહેર ખારકીવ પર કબજો કરવા રશિયાએ જબરદસ્ત આક્રમણ કરી દીધું છે. ખારકીવમાં ધીરે ધીરે યુક્રેનના સૈનિકો ઘટી રહ્યા છે, રશિયાના સૈનિકો હવાઈ માર્ગે ઉતરી રહ્યા છે એ જોતાં ગુરૂવારે ખારકીવ પર રશિયાનો કબજો થઈ જશે એવું મનાય છે. ખારકીવ રશિયાની સરહદની નજીક આવેલું શહેર છે. લગભગ ૧૪ લાખની વસતી ધરાવતું આ શહેર રશિયાના કબજામાં જાય તો રશિયા માટે મોટી જીત ગણાય. રશિયા સરળતાથી પોતાના સૈનિકો અને શસ્ત્ર સરંજામનો ખડકલો યુક્રેનમાં કરીને યુક્રેન પર ભીંસ વધારી શકે.

રશિયાએ યુક્રેનની રાજધાની કીવ પર કબજો કરવા પણ મોરચો ખોલી દીધો છે. રશિયા ગમે તે ભોગે કીવ પર કબજો કરવા માગે છે. રાજધાની કબજે થાય એટલે યુક્રેનની હાર નક્કી થઈ જાય. સામે યુક્રેન કીવને બચાવવા મક્કમ છે. રશિયા અને યુક્રેનનાં લશ્કરો વચ્ચે કીવને બચાવવા ખરાખરીનો જંગ ખેલાઈ રહ્યો છે. કીવમાં નાગરિકો પણ હથિયાર લઈને ઉતરી પડયાં છે તેથી રશિયાના લશ્કર માટે કીવ કબજે કરવું બચ્ચાંનો ખેલ નથી.બીજી તરફ અમેરિકા સહિતના દેશો પણ ધીરે ધીરે આક્રમકતા વધારી રહ્યા છે. અમેરિકા સહિતના દેશોએ યુક્રેનને થોડા થોડા પ્રમાણમાં લશ્કરી સહાય વધારવા માંડી છે. બીજી તરફ રશિયાને ભીંસમાં મૂકવા માટે યુનાઈટેડ નેશન્સ સહિતની વૈશ્વિક સંસ્થાઓના માધ્યમથી પ્રતિબંધો પણ વધારવા માંડયા છે. અમેરિકાના પ્રમુખ જો બાઈડને યુક્રેનના પ્રતિકારની પ્રસંશા કરીને રશિયાને ખુલ્લી ધમકી આપી છે કે, પુતિન યુક્રેન પર આક્રમણની આકરી કિંમત ચૂકવશે જ. બાઈડને એવું પણ કહ્યું છે કે, પુતિનને ખબર જ નથી કે હુ શું શું બનવાનું છે. બાઈડને આ વાત રશિયા પરના આર્થિક તથા અન્ય પ્રતિબંધોના સંદર્ભમાં કહી છે કે પછી અમેરિકા યુધ્ધમાં સામેલ થશે એવો સંકેત આપવા કરી છે એ સ્પષ્ટ નથી પણ બાઈડન આક્રમક બની રહ્યા છે તેનો સંકેત આ નિવેદન પરથી મળે જ છે.રશિયા પણ આક્રમક મૂડમાં છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે રશિયા અને યુક્રેનના યુધ્ધમાં અમેરિકા કૂદશે તો પરમાણુ યુધ્ધ થશે એવી ખુલ્લી ધમકી આપી દીધી છે. લાવરોવનું કહેવું છે કે, ત્રીજું વિશ્વ યુધ્ધ થશે તો તેમાં પરમાણુ શસ્ત્રો વપરાશે જ અને આ યુધ્ધ અત્યંત વિનાશકારી હશે. અમેરિકા યુક્રેનને બચાવવા ઝેલેન્સ્કીને પરમાણુ બોમ્બ આપશે એવી અટકળો ચાલી રહી છે. લાવરોવે એ સંદર્ભમાં આ ધમકી આપી છે. લાવરોવે આડકતરી રીતે અમેરિકા સહિતના દેશોને યુધ્ધથી દૂર રહેવા કહ્યું છે. અમેરિકા તથા સાથી દેશો યુધ્ધમાં કૂદશે તો રશિયા પરમાણુ બોમ્બ વાપરતાં નહીં ડરે એવું લાવરોવે આડકતરી રીતે કહી જ દીધું છે.અલબત્ત અમેરિકા અત્યાર સુધી જે રીતે યુધ્ધથી અલિપ્ત રહ્યું છે એ જોતાં હવે યુધ્ધમાં કૂદે એવી શક્યતા ઓછી છે. અમેરિકા કે તેના સાથી દેશો અત્યારે યુધ્ધમાં કૂદીને રશિયાને રોકી શકે તેમ નથી. આ તબક્કે અમેરિકા કૂદે તો યુધ્ધ અત્યંત ભીષણ સ્વરૂપ ધારણ કરે તેમાં શંકા નથી. રશિયા પરમાણુ બોમ્બનો ઉપયોગ કરવા થનગની રહ્યું છે. અમેરિકા યુધ્ધમાં કૂદીને રશિયાને એ તક આપી દે એટલું મૂરખ નથી જ. તેનું કારણ એ કે, અમેરિકા અને રશિયા સામસામે ભિડાઈ જાય તો અમેરિકાને વધારે નુકસાન થાય. રશિયા એક જ દેશ છે જ્યારે અમેરિકાની સાથે યુરોપીયન યુનિયનના ૩૦ દેશો છે. રશિયા આ તમામ દેશોમાં ભારે તબાહી વેરી શકવા સક્ષમ છે. પારકી પળોજણ વહોરીને પોતાનું નુકસાન કરવાની મૂર્ખામી બાઈડન ના જ કરે. રશિયાએ યુક્રેનને કરવું હતું એટલું નુકસાન કરી લીધું છે. અત્યારે જે સ્થિતી છે એ જોતાં રશિયા ત્રણ-ચાર દિવસમાં યુક્રેનના પ્રતિકારને ખતમ કરીને યુધ્ધ ખતમ કરી નાંખશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

દાહોદ પંચાલ સમાજ યુવા સંગઠન દ્વારા જીલ્લાકક્ષા ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદ્ઘઘાટન કરાયું

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ પ્રેરિત અને દાહોદ જિલ્લા પંચાલ સમાજ યુવા સંગઠન આયોજિત દાહોદ જિલ્લા પંચાલ સમાજના યુવાનો માટે જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ વિશ્વકર્મા કપનો ઉદઘાટન સમારોહ નગર પાલિકા દાહોદના પ્રમુખ રીનાબેન પંચાલના વરદ હસ્તે યોજાયો. આ પ્રસંગે ક્રિકેટ ટુર્નામેન્ટ ના મુખ્ય મહેમાન અનિલભાઈ રસિકલાલ પંચાલ સહયોગી દાતા મનોજભાઈ પંચાલ લીમડી, પરેશકુમાર જયંતીલાલ પંચાલ, અજય રાજેન્દ્રકુમાર પંચાલ, ધીરજલાલ કચરાજી પંચાલ, જય હો ગ્રુપ ઝાલોદ, જયેશકુમાર બાબુલાલ પંચાલ લીમડી, ગજેન્દ્રકુમાર કચરાજી પંચાલ ગાંગરડી, અતિથિ વિશેષ પદ શોભાવ્યું. નગર પાલિકાના કાઉન્સિલર રાજેશભાઈ સહેતાઈ તુલસીભાઈ તથા અન્ય કાઉન્સિલર મહેમાનો હાજર રહ્યા. રીનાબેન પંચાલ તથા મંચસ્થ મહાનુભાવોના વરદ્દહસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો. દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદના મહામંત્રી સુરેશભાઇ પંચાલ સ્વાગત શાબ્દિક પ્રવચન કરી ખેલેંગા પંચાલ જિતેંગા પંચાલના સ્લોગન સાથે ઉપસ્થિત ખેલાડીઓના મનોબળને મજબૂત કર્યું.

મંડળના કાર્યાડયક્ષ હસમુખભાઈ પી.પંચાલ દ્વારા તમામ મંચસ્થ મહાનુભાવોને આવકારી પંચાલ સમાજના ટુર્નામેન્ટમાં સહભાગી બનનાર તમામ ખેલાડીઓ ને શુભેચ્છાઓ પાઠવી કાર્યક્રમના મુખ્ય મહેમાન અનિલભાઈ રસિકલાલ પંચાલ આયોજન કરનાર તમામ આયોજકોને અભિનંદન પાઠવી સમાજના યુવાનોને સંગઠિત થવા અપીલ કરી ક્રિકેટ ટુર્નામેન્ટના ખેલાડીઓ વધુ પ્રગતિ કરી સમાજનું નામ રોશન કરે તેવી આશા વ્યકત કરી. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ દ્વારા ક્રિકેટની રમતનો મહિમા સમજાવી આવનારા પડકારોને કેવી રીતે સામનો કરવો તે ક્રિકેટની રમત બોધ આપે છે. તે અંગે સમજ આપી. સમાજમાં કબડીની રમતની જગ્યાએ ક્રિકેટની રમતના મૂલ્યો સૌ જીવનમાં ઉતારે અને સમાજને આગળ લાવે તે સમયની માંગ છે અને એના માટે યુવાધન પહેલ કરે તેવી અપીલ કરી.

આ પ્રસંગે દાહોદ સમાજના આગેવાન સ્વ.પુંજાભાઈ દામોદરદાસ પંચાલના માનમાં બે મિનિટ નું મૌન પાળી પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે તે માટે પ્રાર્થના કરવામાં આવી.

નગર પાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલના વરદ્દહસ્તે ટોસ ઉછાળી વિશ્વકર્મા ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદઘાટન કરવામાં આવ્યું. પહેલી મેચ લીમડી અને લીમખેડા સાથે યોજાઈ જેમાં લીમખેડા ટીમ વિજેતા બની.

બીજી મેચ ફતેપુરા અને ગરબાડા સાથે યોજાઈ. જેમાં ગરબાડા ટીમ વિજેતા બની બન્ને વિજેતા ટીમ અને સહભાગી ટીમના ખેલાડીઓને મહાનુભાવોના વરદ હસ્તે ટ્રોફી અને શિલ્ડ પહેરાવી શુભેચ્છાઓ પાઠવી.

સમગ્ર કાર્યક્રમ માટે અડીખમ સેવા આપનાર હિમેનભાઈ પંચાલ, દિનેશભાઈ પંચાલ, મનીશભાઈ પંચાલ, દેવેન્દ્ર પંચાલ, જયેશ પંચાલ, મહેશ પંચાલ, જીજ્ઞેશ પંચાલ, ભૂપેન્દ્ર પંચાલ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા સનિષ્ઠ પ્રયાસ થયો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન દેવેન્દ્ર પંચાલ, ધર્મેશભાઈ પંચાલ અને સુરેશભાઇ પંચાલ દ્વારા થયું. ઉપસ્થિત ખેલાડીઓ અને પ્રેક્ષકો માટે પંચાલ સમાજના દાતાઓ દ્વારા ચા નાસ્તા ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી. નગર પાલિકાના સ્ટાફ દ્વારા મેદાન ઉપર તમામ સુવિધા ઉપલબ્ધ કરવા માટે પ્રશંશનીય પ્રયાસ થયો. જેનો યશ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલને ફાળે જાય તેમ કહેવું અતિશયોકિત નથી. અમ્પાયર અને કોમેંન્ટ્રી આપનાર તમામના દિલમાં સ્થાન કરી ગયા. ખુબજ ઉત્સાહ અને ઉમંગ સાથે પ્રથમ દિવસની મેચ પૂર્ણ થઈ.

ઝાલોદના ગરાડું ગામે ફતેપુરા થી વડોદરા જતી ST બસમાં આગની ઘટનામાં ઝાલોદના મેનેજર સહિત ત્રણ કર્મચારી સસ્પેન્ડ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગરાડું ગામ ખાતે ફતેપુરાથી વડોદરા જતી એક એસ.ટી. બસમાં ગતરોજ ગરાડું ગામે રસ્તામાં બસમાં શોર્ટ શર્કિટના કારણે લાગેલ આગ પ્રકરણમાં પોતાની ફરજમાં ઉણા ઉતરેલ અને ફરજ દરમ્યાન ગંભીર બેદરકારી દાખવના ઝાલોદ એસ.ટી. ડેપોના મેનેજર સહિત ત્રણ કર્મચારીઓને સસ્પેન્ડ કરતો હુકમ વિભાગીય નિયામક એસ.ટી. વિભાગ ગોધરા દ્વારા કરવામાં આવતાં દાહોદ જિલ્લા એસ.ટી. વિભાગમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

ગતરોજ ઝાલોદ તાલુકાના ગરાડું ગામ ખાતેથી ફતેપુરાથી વડોદરા જતી એક એસટી બસ જીજે૮ઝેડ ૪૧૨૬ ગરાડું ગામે એકાએક બસમાં શોર્ટ સર્કિટના કારણે બસમાં આગ ભભુકી ઉઠી હતી. ઘટનાને પગલે ડ્રાઈવર અને કંડક્ટરની સમય સુચકતાના કારણે બસમાં સવાર મુસાફરોને હેમખેમ બહાર કાઢી લેવાતાં કોઈ મોટી જાનહાની બનવા પામી ન હતી, પરંતુ એક્શનમાં આવેલ ગોધરા વિભાગના વિભાગીય નિયામક દ્વારા બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ એક્શન મોડમાં આવ્યાં હતાં અને આ મામલે ઝાલોદ ડેપોમાં મેનેજર તરીકે ફરજ બજાવતાં આર.એચ. વસૈયા, ઝાલોદ ડેપોના આર્ટ એ. ઈલે. તરીકે ફરજ બજાવતાં આર.વી. કિશોરી અને ઝાલોદ ડેપોમાં મેકેનીક તરીકે ફરજ બજાવતાં આર.કે. પવારને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

આજ રોજ તારીખ ૦૩/૦૩/૨૦૨૨ ગુરૂવારે આદિજાતિ મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ સમીર ઉરાવજી રાજ્યસભા સાંસદ સાથે વ્યારાખાતે પ્રદેશ આદિજાતિ મોરચાની કારોબારી માંજિલ્લા ભાજપ મહામંત્રી કનૈયાલાલ કિશોરીએ શુભેચ્છા મુલાકાત કરી.

દે.બારીયા મામલતદાર ઓફિસમાં પુરવઠા શાખાના નાયબ મામલતદારની કાયમી જગ્યા ક્યારે ભરાશે...?

દે.બારીયા,

દે.બારીયા તાલુકો દાહોદ જીલ્લાનો મોડેલ તાલુકો તરીકે ગુજરાતની સંવેદન અને ગતિશીલ સરકારે ઘોષિત તો કરીએ એક દાયકો થવા આવ્યો છે. તેમ છતાં મોડેલ તાલુકાના એકપણ ગુણ દેખાતા નથી. કારણ કે, તાલુકાની દરેકે દરેક સરકારી ગતિવિધીનું સંચાલન મામલતદાર ઓફિસ થકી થાય છે. સ્ટાફની અછતના કારણે અને એક ટેબલના કર્મીને બાજુ ટેબલનું કાર્ય સોંપાય તો તે બન્ને ટેબલોનું કાર્ય અધુરુ રાખતો હોય છે. રેશનકાર્ડની દરેકે દરેક કામગીરીમાં આમ જનતાને આઠ–આઠ દિવસ સુધી ધરમના ધકકા ખાવા પડે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા તાલુકા મામલતદાર ઓફિસમાં મુખ્ય વિભાગ એટલે મલાઈદાર પોસ્ટમાં ગણના થાય છે. તેમ છતાં આ મલાઈદાર જગ્યા છેલ્લા ત્રણ–ત્રણ માસ થયા હોવા છતા કાયમી પોસ્ટવાળા કર્મીને કેમ મુકવામાં આવતા નથી તે યક્ષ પ્રશ્ન છે. તેમજ મધ્યાહન ભોજન શાખામાં પણ આવી જ પરિસ્થિતી ઉત્પન્ન થવા પામી છે. ત્યાં પણ ચાર્જમાં ચાલે છે. જેથી વિધવા પ્રાઉડ પેન્શનના લાભાર્થીઓના કેસો બનતા નથી અને જેના વિધવા અથવા પ્રાઉડ પેન્શનના નાણાં જમા થયા નથી. તેઓ પણ છેલ્લા પંદર દિવસ થી ધરમના ધકકા ખાય છે. જેથી આ બન્ને પોસ્ટ માટે કાયમી નાયબ મામલતદારોને મુકવામાં આવે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

દાહોદ ગોધરા રોડ વિસ્તારમાં વૃધ્ધ મહિલાના હાથમાંથી થેલીને બ્લેડથી કાપી ૪૦ હજાર રૂપીયા ચોરી કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરના ગોધરા રોડ વિસ્તાર ખાતેનો ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક ૭૫ વર્ષીય વૃધ્ધ મહિલા પાસેથી બે અજાણી સ્ત્રીઓ દ્વારા વૃધ્ધાના હાથમાં રહેલ થેલીને બ્લેડથી મારી થેલી કાપી થેલીમાંથી રોકડા રૂ. ૪૦,૦૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં વિસ્તારમાં ખળભાટ મચી જવા પામ્યો છે.

દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે રહેતાં ૭૫ વર્ષીય તુલશીબેન મોહનલાલ મહાવત જેઓ રેલ્વેમાં નોકરી કરતાં હતાં અને હાલ રિટાયર્ડ થઈ નિવૃત તરીકે જીવન વ્યતિત કરી રહ્યાં છે. ગત તા.૦૨ માર્ચના રોજ તુલશીબેન શહેરના ગોધરા રોડ ખાતે શાકભાજી લેવા ગયાં હતાં અને તેઓની પાસે રોકડા રૂપીયા ૪૦,૦૦૦ ભરેલ એક થેલી પણ હતી અને તેમાં આધાર કાર્ડ, બેન્કની પાસબુક અને રેલ્વે મેડીકલના કાર્ડ પણ હતાં. બપોરના સાડા બાર વાગ્યાના સમય ગાળા દરમ્યાન તેઓ શાકભાજી લેતાં હતાં. તે સમયે તેઓની પાસેથી બે અજાણી મહિલાઓ પસાર થઈ હતી અને તુલશીબેનના હાથમાં રહેલ થેલીને બ્લેડથી કાપી થેલીમાંથી રોકડા રૂ. ૪૦,૦૦૦ તથા અન્ય કાગળોની ચોરી કરી લઈ નાસી ગયાં હતાં. આ અંગેની જાણ તુલશીબેનને થતાં વિસ્તારમાં ઉહાપોહ થઈ ગયો હતો. અજાણી બંન્ને સ્ત્રીઓ રોકડા રૂપીયા લઈ ફરાર થઈ ગઈ હતી.

આ સંબંધે ૭૫ વર્ષીય તુલશીબેન મોહનલાલ મહાવતે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ તાલુકા બીજેપીની મીટીંગ યોજાઈ

દાહોદ,

દાહોદમાં પ્રસંગ પાર્ટી પ્લોટ ગોવિંદ નગર દાહોદ ખાતે દાહોદ તાલુકા ભારતિય જનતા પાર્ટી ની અગત્ય ની બેઠક જીલ્લા ભાજપ અધ્યક્ષ સંકરભાઈ આમલિયારના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી. જેમાં પ્રદેશ ભાજપ મંત્રી કૈલાસબેન પરમાર, જિલ્લા ભાજપના ઝોન મહામંત્રી કનૈયાલાલ કિશોરી, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ સુધીરભાઇ લાલપુરવાળા, પ્રભારી અનીલભાઈઅગ્રવાલ, ચંદુભાઈગણાવા, તાલુકા ભાજપ અધ્યક્ષ મુકેશભાઈ લબાના (ખચ્ચર), જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ ઝીથરા ભાઈ ડામોર, જિલ્લા પંચાયત પક્ષના નેતા કરણસિંહ ડામોર, મહેન્દ્રભાઈ ભાભોર, રમણભાઇ ભાભોર, વિજયભાઇ પરમાર હાજર રહ્યા. નવીન ભાજપ કાર્યલય નિર્માણની સહયોગ નિધી, પેજ કમિટી, માઇક્રોડોનેસન, વિશે પૂર્ણ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું.

દાહોદ જિલ્લામાં વેપારીઓએ ખાદ્યતેલ અને ખાદ્યતેલિબીયાનો સ્ટોક કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરેલી મર્યાદામાં જ રાખવાનો રહેશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં વેપારીઓએ ખાદ્યતેલ અને ખાદ્યતેલિબીયાનો સ્ટોક કેન્દ્રસરકાર દ્વારા નિયત કરેલી મર્યાદામાં જ રાખવાનો રહેશે. ભારત સરકારના અન્ન અને જાહેર વિતરણ દ્વારા ખાદ્યતેલ અને ખાદ્યતેલિબીયાની સંગ્રહખોરીના લીધે થઈ રહેલા કુત્રિમ ભાવવધારાને નિયંત્રિત કરવા માટે સ્ટોકલીમીટ દાખલ કરવામાં આવી છે.

જે મુજબ દાહોદ જિલ્લાના ખાદ્યતેલ તેમજ ખાદ્યતેલિબીયાના સ્ટેક હોલ્ડર્સે નિર્ધારિત જથ્થો જ રાખી શકશે અને તેનાથી વધુ જથ્થો હોય તો ભારત સરકારની વેબસાઇટ http://evegoils.nic.in/dosp/login પર રજીસ્ટર કરવા અને તેમની પાસેના સ્ટોકને મેટ્રીક ટનમાં અઠવાડિક ઉક્ત વેબસાઇટ પર જાહેર કરવાના રહેશે. જે કોઇ સ્ટેક હોલ્ડર જેવા કે રીફાઇનર, મીલર્સ, એકસટ્રેકટર, ઇમ્પોટર્સ, એકસ્પોર્ટસ, હોલસેલર્સ, રીટેલર્સે, ડિલર વગેરેએ ભારત સરકારના પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

સરકાર દ્વારા આગામી તા. ૩૦ જુન સુધી આ સ્ટોક મર્યાદા નિર્ધારિત કરવામાં આવી છે. જે અનુસાર રિટેલર્સ માટે ખાદ્યતેલ ૩૦ કિવન્ટલ તેમજ હોલસેલર્સ માટે ખાદ્યતેલ ૫૦૦ કિવન્ટલ તેમજ બલ્ક કન્ઝ્યુમર બીગ ચેન રીટેલર્સ શોપસ માટે રીટેલ આઉટલેટ ખાતે ૩૦ કિવન્ટલ તેમજ ડેપો ખાતે ૧૦૦૦ કિવન્ટલ જથ્થો ૯૦ દિવસની ઓફસ્ટોરેજ કેપીસીટી મુજબ નક્કી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ખાદ્યતેલિબીયા માટે રીટેલર્સ ૧૦૦ કિવન્ટલ, હોલસેલર્સ ૨૦૦૦ કિવન્ટલ નક્કી કરવામાં આવ્યા છે. સ્ટેક હોલ્ડર્સે નિર્ધારિત સમયમર્યાદામાં સ્ટોક નિયત મર્યાદામાં લાવવાનો રહેશે. દાહોદના જિલ્લા પુરવઠા અધિકારીએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

રાજ્ય સરકાર લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરશે

દાહોદ,

ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે એ માટે રવી માર્કેટિંગ સિઝન ૨૦૨૨–૨૩માં રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી પ્રતિ ક્વિન્ટલ રૂ. ૨૦૧૫ (પ્રતિ મણ રૂ. ૪૦૩) ના ભાવથી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવશે.

લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા દાહોદ જિલ્લાના ઇચ્છુક ખેડૂતોની ઓનલાઇન નોંધણી સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ વીસીઇ દ્વારા તથા તાલુકા કક્ષાએ પુરવઠા નિગમના ગોડાઉન ખાતે તા. ૨ માર્ચથી તા. ૩૧ માર્ચ સુધી કરાશે. જિલ્લાના ખેડૂતોએ આ માટે નોંધણી સમયસર કરાવી લેવી.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો ૭,૧૨, ૮–અની નકલ, ગામ નમુના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઇ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહીસિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેન્ક ખાતાની વિગત જેમ કે બેન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

દાહોદ જિલ્લામાં ઘઉં પકવતા ખેડૂતો તેઓના પાક લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છતા હોય તેઓએ ઓનલાઇન નોંધણી ફરજીયાત હોય નજીકના ગ્રામપંચાયત અને તાલુકા કક્ષાએ પુરવઠા નિગમના ગોડાઉનનો સંપર્ક કરી નોંધણી કરાવવી. નોંધણી બાબતે કોઇ મુશ્કેલી જણાય તો હેલ્પલાઇન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે. ખેડૂતોએ નોંધણી માટે વીસીઇ કે ગોડાઉન કક્ષાએ કોઇ પણ રકમ ચૂકવવાની રહેતી નથી તેની ખાસ નોંધ લે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. ના દાહોદ જિલ્લાના નાયબ જિલ્લા મેનેજરએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

દે.બારીયા ભથવાડા ટોલનાકા પાસે ટ્રેક્ટરમાં કપચીના આડમાં લઈ જવાતો ૩.૭૪ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ટોલનાકા પર પીપલોદ પોલીસે બાતમીના આધારે ટ્રેકટર માં કપચીની આડમાં સંતાડીને લઈ જવાતો ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે એક વ્યક્તિને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળે છે. પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂ તેમજ ટ્રેક્ટર ટ્રોલી મળી કુલ ૪,૭૪,૯૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

દાહોદ તાલુકાના વડબારા ગામના સૈનિક ફળિયાના રહેવાસી દિતુભાઈ સિસકાભાઈ મીનામાં પોતાના કબ્જા હેઠળના GJ - 24 - B - 5178 નંબરના ટ્રેક્ટરમાં કપચી આડમાં ભારતીય બનાવટની વિદેશી દારૂ ભરી સતરોડ તરફ જઈ રહ્યો હતો. તે સમયે રસ્તામાં દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ટોલનાકા પર પીપલોદ પોલીસે બાતમીના આધારે ટ્રેક્ટર ને ઉભું રાખી તલાશી લેતા કપચીની આડમાં સંતાડેલ ભારતીય બનાવટની વિદેશી દારૂની ૬૦ પેટીઓની ૨૮૮૦ બોટલો મળી ૩,૭૪,૪૦૦ નો દારૂનો જથ્થો મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. ત્યારબાદ પોલીસે વિદેશી દારૂનો મુદ્દામાલ ૬૦ હજાર કિંમતનો ટ્રેક્ટર , ૪૦ હજારની ટ્રોલી મળી કુલ ૪,૭૪,૪૦૦ નો મુદામાલ જપ્ત કરી દારૂની હેરફેરમાં સામેલ બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

સિંગવડ મામલતદાર કાળી પટ્ટી ધારણ કરી ફરજ પર હાજર રહ્યા

સિંગવડ,

કરજણ મામલતદાર સાથે થયેલ અસભ્ય વર્તનના વિરોધમાં મામલતદાર એસોસિએશન દ્વારા આપેલ આદેશ મુજબ કાળી પટ્ટી ધારણ કરી ફરજ પર હાજર રહ્યા. કરજણ તાલુકાના મામલતદાર ના સાથે સંસદ સભ્ય મનસુખભાઈ વસાવા જાહેર સ્થળ પર અસભ્ય વર્તન કરતાં તેના વિરોધમાં મામલતદાર એસોસિએશન દ્વારા સરકારને આવેદનપત્ર આપેલું હતું આવેદનપત્ર અનુસંધાનમાં આજરોજ દરેક મામલતદારઓ એ ફરજ દરમિયાન કચેરીમાં કાળી પટ્ટી ધારણ કરી ફરજ પર હાજર રહેવાના આદેશ અનુસાર સિંગવડ મામલતદાર એન.એન. બારીઆ કાળી પટ્ટી ધારણ કરી કચેરીમાં ફરજ પર હાજર રહ્યા હતા. આવતીકાલે મામલતદારઓ માસ સીએલ પર જવાના હોય માહિતી પ્રાપ્ત થયેલ છે.

ખેડૂત તાલીમ કેન્દ્ર, ગોધરા ખાતે ફાર્મર સાયન્ટિસ્ટ ઈન્ટરેકશન કાર્યક્રમ યોજાયો

ગોધરા,

આઝાદીકા અમૃત મહોત્સવ ઉજવણીના ભાગરૂપે આત્મ નિર્ભર ગુજરાતથી આત્મ નિર્ભર ભારતનાં ઉદ્દેશને સાકાર કરવા દેશી ગાય આધારીત પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ગુજરાતને કૃષિથી સમૃધ્ધ બનાવવાના હેતુ આજે અત્રેના ખેડૂત તાલીમ કેન્દ્ર, ગોધરા ખાતે ગોધરા તાલુકાના ૫૦ થી વધુ ફાર્મર ફ્રેન્ડ સાથે ૧–૧ ખેડુત મળી કુલ ૧૦૦ થી વધુ લાભાર્થીઓનો ખેડુતોનો વૈજ્ઞાનિક સાથે વાર્તાલાપ (ફાર્મર સાયન્ટીસ્ટ ઈન્ટરેકશન) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાભાર્થીઓને પ્રાકૃતિક કૃષિના પાંચ સિધ્ધાતો, જીવામૃત, બીજામૃત બનાવવાની રીત વગેરે વિષય પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. અંતમાં ગોધરા તાલુકાનાં હાજર રહેલા દરેક ફાર્મર ફ્રેંડને આગામી સીઝનમાં ઓછામાં ઓછી ૨૦ ગુઠામાં પ્રાકૃતિક કૃષિની ખેતી ચાલુ કરવાનો સંકલ્પ કરાવવામાં આવ્યો હતો.

દે.બારીઆ તાલુકા પંચાયતના લાંચિયા કર્મચારી હસમુખ કોળીના ૧ દિવસના રિમાન્ડ : ACB દ્વારા તપાસનો ધમધમાટ શરૂ

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકા પંચાયતમાં મનરેગા યોજનાના કરાર આધારીત ટેક્નિકલ આસીસ્ટન્ટ હસમુખ કોળી રૂા.૪૫૦૦/– ની લાંચ સાથે મહીસાગર એ.સી.બી. ટીમના હાથે ઝડપાઈ જવાના આ બનાવમાં દાહોદ એ.સી.બી. ટીમે આ લાંચિયા ટેક્નિકલ આસીસ્ટન્ટને અદાલત સમક્ષ હાજર કરીને રિમાન્ડની માંગણી કરતા અદાલત દ્વારા ૧ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. અને આ હસમુખ કોળીને આવતીકાલે રિમાન્ડ પૂર્ણ થતાં અદાલત સમક્ષ હાજર કરવામાં આવશે એમ એ.સી.બી.સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યુ છે.

દે.બારીઆ તાલુકા પંચાયત કચેરીમાં ગરીબો માટેની મનરેગા યોજનાના વહીવટમાં ૧૦ ટકા કમિશનના લાંચિયા વહીવટને ઉભો કરનાર કરાર આધારીત ટેક્નિકલ આસીસ્ટન્ટ હસમુખ કોળીને મહીસાગર એ.સી.બી. પી.આઈ. આર.એન. પટેલે રૂા.૪૫૦૦/–ની લાંચ લેતા રંગેહાથ ઝડપી લેતા દે.બારીઆ પંથકમાં ભારે સન્નાટો પ્રસરી જવા પામ્યો છે. કહેવાય છે કે આ લાંચિયા કર્મચારી હસમુખ કોળી પાસેથી ૧૬ ઉપરાંત વિવિધ બેન્કોના એ.ટી.એમ. કાર્ડ મળી આવતા એ.સી.બી. ટીમના સત્તાધીશો પણ ચોંકી ગયા હતા. પરંતુ હસમુખ કોળી પાસેથી મળી આવેલા આ ઢગલાબંધ એ.ટી.એમ. કાર્ડના આધારે દરેક બેન્ક ખાતાઓના નાણાંકીય વ્યવહારો અને એ.ટી.એમ. સેન્ટરોના સી.સી.ટી.વી. ફૂટેજો ચકાસવામાં આવે તો એ.સી.બી. ટીમની આ તપાસો નો રેલો ભલભલા રાજકીય આકાઓના ઘર આંગણે પહોંચવાની આ સંભાવનાઓમાં મનરેગા યોજનાના કરોડો રૂપિયાના કામોમાં અનેક ગેરરીતીઓ બહાર આવવાની સંભાવનાઓ છે.જો કે ૧ દિવસના પોલીસ રિમાન્ડ ઉપર રહેલા હસમુખ કોળીને એ.સી.બી. ટીમ દ્વારા ગાંધીનગર એફ.એસ.એલ.માં લઈ જવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યુ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.162

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

ગોધરા શહેરમાં ભુરાવાવ થી સીમલા વિસ્તારમાં

તંત્રની સંયુકત ડ્રાઈવ દ્વારા દબાણો દુર કરાયા

- ૧૫ થી વધુ પાકા દબાણો સહિત સંખ્યા બંધ દબાણો દુર કરાયા.
- ગોધરા-અમદાવાદ હાઈવે પરથી સીમલા વિસ્તારના દબાણો દુર કરાયા.
- ટ્રાફિકની સમસ્યાઓને નિવારવા માટે તંત્ર એકશનમાં આવ્યું.

ગોધરા, ગોધરા અમદાવાદ હાઈવે પર આવેલા સિમલા વિસ્તારમાં આજ રોજ જિલ્લા વહીવટી તંત્ર તેમજ પોલીસના મોટા કાફલાએ સ્થાનિક દુકાનદારો દ્વારા જે રીતે માર્ગ પર ગેરકાયેદસર દબાણ કરવામાં આવ્યું હતું. તે દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે એક મહિના અગાઉ આવેલા રાજ્યના કેબિનેટ મહેસૂલ મંત્રી એ આ બાબતની ટકોર જિલ્લા કલેકટર ને કરી હતી. જેના ફળ સ્વરૂપ દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરાતા સિમલા વિસ્તારમાં ગેરકાયેદસર દબાણ કરનાર મોટા ભાગના ગેરેજ સંચાલકો તેમજ દુકાનદારો માં ઉપરોક્ત કાર્યવાહી ને લઈ ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

ગોધરા અમદાવાદ હાઈવે પર આવેલા સિમલા ગેરેજ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક દુકાનદારો અને ગેરેજ સંચાલકો દ્વારા જે રીતે માર્ગ પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવી રહ્યું છે. જે એક માથાના દુખાવા સમાન સમસ્યા છે.જેના કારણે આ માર્ગ પરથી પસાર થનારા વાહનચાલકો અને રાહદારીઓ ને ખાસ્સી મુશ્કેલીઓ નો સામનો કરવો પડી રહ્યો છે.ત્યારે કેટલાક સમય અગાઉ આ વિસ્તારમાં એક ટ્રક ચાલક દ્વારા પોતાનું વાહન રિવર્સ માં લેતી વખતે શહેરનો એક યુવાનનું મોત થવા પામ્યું હતું. ત્યારે એક માસ અગાઉ રાજ્યના કેબિનેટ મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી એક સરકારી કાર્યક્રમ અર્થે ગોધરા ની મુલાકાતે આવ્યા હતા. ત્યારે તેઓએ આ માર્ગ પરના દબાણ બાબતની ગંભીરતા પૂર્વક નોંધ લીધી હતી અને ચાલુ કાર્યક્રમે જિલ્લા કલેકટરને દબાણ હટાવવા બાબતે ટકોર કરી હતી.

જેના ફળ સ્વરૂપ જિલ્લાનું વહીવટી તંત્ર મોડે મોડે પણ સફાળું જાગતા એક માસ બાદ આજ રોજ જિલ્લા વહીવટી તંત્રનાં ગોધરા પ્રાંત અધિકારી,મામલતદાર,લેન્ડ રેકર્ડ ઈન્સ્પેકટર તેમજ નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક સહિત પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી.જેમાં ગોધરા અમદાવાદ હાઈવે પર આવેલા સિમલા વિસ્તારના મોટી સંખ્યામાં ગેરેજ ધારકો અને દુકાનદારો દ્વારા રસ્તા પર જ જૂના વાહનો, સ્ક્રેપ અને ટાયરો મૂકી દબાણ કરતા હતા. ત્યારે રોડ સાંકડો થઈ જતા આ વિસ્તારમાં સતત અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે અને છાસ વારે અકસ્માતો સર્જાય પણ છે. ત્યારે દબાણ હટાવવાની કામગીરી ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં પણ હાથ ધરી હતી. જેમાં પાપડી ભેગી ઈયળ પણ બફાઈ ગઈ હોવાનું ભુરાવાવ વિસ્તારના સ્થાનિક દુકાનદારો, દબાણકર્તાઓ માં ગણગણાટ વ્યાપ્યો હતો. આગામી દિવસોમાં પણ શહેરના વિવિધ વિસ્તારોમાં દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જિલ્લા વહીવટી તંત્ર નાં અધિકારીઓ એ મીડિયા ને જણાવ્યું હતું.

ઘોઘંબા વાડીનાથની શ્રીજી બ્રિકસના કેમીકલ વેસ્ટના ઉપયોગ સામે તંત્ર દ્વારા કાર્યવાહી ન થતાં ભઠ્ઠા માલિક ઉપર તંત્રની રહેમ નજરની શંકા વ્યકત કરતાં ગ્રામજનો

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના વાડીનાથ ગામે શ્રીજી બ્રિકસના માલિક દ્વારા ઈંટોના ભઠ્ઠામાં ઈંટોના પકવવા માટે કેમીકલ વેસ્ટ અને ઝેરી કચરાનો ઉપયોગ કરતા હોય કેમીકલ વેસ્ટના ઉપયોગની સ્થાનિક રહિશોના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. તેવા અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છતાં જીલ્લા વહીવટી તંત્ર, ખાણ ખનિજ વિભાગ અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કોઈ કાર્યવાહી નહિ કરવામાં આવતાં સરકારી તંત્રની આવા ભઠ્ઠા માલિકો રહેમનજર અંગેની શંકા વ્યકત કરી રહ્યા છે.

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકાના વાડીનાથ ગામે શ્રીજી બ્રિકસ નામનો ઈંટોના ભઠ્ઠો ચલાવતા સમશુલ પઠાણ દ્વારા ભઠ્ઠામાં બેફામ રીતે જીઆઈડીસીના ઝેરી કચરો અને કેમીકલ વેસ્ટ લાવીને ઈંટો પકવવામાં ઉપયોગ કરી રહ્યો છે. જીઆઈડીસીનો કેમીકલ વેસ્ટ અને ઝેરી કચરાનો નિકાલ કરવા માટેની સરકારી ગાઈડ લાઈન હોવા છતાં આવા કેમીકલ વેસ્ટ અને ઝેરી કચરાને ઘોઘંબાના વાડીનાથ ગામે ઈંટોના ભઠ્ઠા ઈંટોના ભઠ્ઠો ચલાવતા માલિક સમશુલ પઠાણ ભરી લાવીને ભઠ્ઠામાં ઈંટો પકવવા માટે કરતો હોય છે. ભઠ્ઠામાં ઈંટો પકવવા માટે કરતો હોય છે. ભઠ્ઠામાં કેમીકલ વેસ્ટનો ઉપયોગ થતો હોવાથી ભઠ્ઠાની આસપાસના ગામોના રહિશો અને ખેતરોમાં ઉભા પાકો ઉપર કેમીકલ વેસ્ટના ધુમાડાની ઝેરી અસર થતી હોય છે. આ બાબતે ગ્રામજનો દ્વારા ભઠ્ઠામાં થતા કેમીકલ વેસ્ટના ઉપયોગનો વિરોધ કરવામાં આવ્યો છે. તેમ છતાં ભઠ્ઠાના માલિક સમશુલ પઠાણ કોઈની વાત સાંભળવા તૈયાર નથી અને વહીવટી તંત્ર મારી સામે કોઈ કાર્યવાહી નહિ કરે તેવી તુમાખી રાખતો હોય છે. આખરે સ્થાનિકો દ્વારા ઈંટોના ભઠ્ઠામાં થતાં કેમીકલ વેસ્ટ અને ઝેરી કચરાના ઉપયોગ અંગે અને તેને લઈને સ્થાનિક રહિશોને થતાં આરોગ્ય સાથે ચેડાની રજુઆત કરાઈ હતી. વાડીનાથ ગામે ઈંટોના ભઠ્ઠામાં કેમીકલ વેસ્ટના ગેરકાયદેસર ઉપયોગ અંગેનો અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હોય તેમ છતાં જીલ્લા વહીવટી તંત્ર, ખાણ ખનિજ વિભાગ અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા અત્યાર સુધી ઈંટોના ભઠ્ઠા સામે કાર્યવાહી કરવામાં આવી નથી. કેમીકલ વેસ્ટનો ઉપયોગ અંગેના અહેવાલ છતા તંત્ર દ્વારા તપાસ નહિ કરવામાં આવતાં સ્થાનિક ગ્રામજનોમાં સરકારી તંત્રની ઈંટોના ભઠ્ઠા સંચાલક સમશુલ પઠાણ ઉપર રહેમનજર હોવાની શંકા ઉપર વ્યકત કરી રહ્યા છે. ત્યારે શું વહીવટી તંત્ર દ્વારા આ ઈંટોના ભઠ્ઠાની તપાસ કરીને કાર્યવાહી કરશે ખરી...?

સાંસદ દ્વારા કરજણ મામલતદાર સાથે અશોભનિય વર્તનના વિરોધમાં શહેરા મામલતદાર અને સ્ટાફે કાળી પટ્ટી સાથે વિરોધ કર્યો

શહેરા, શહેરા મામલતદાર અને કચેરીના સ્ટાફએ સાંસદ મનસુખ વસાવાએ કરજણના મામલતદાર અને નાયબ મામલતદાર સાથે અશોભનીય વર્તન કરેલ હોવાથી વિરોધ દર્શાવીને ગુરૂવારના રોજ કાળી પટ્ટી ધારણ કરી પોતાની ફરજ નિભાવી હતી. અને શુક્રવારના રોજ કચેરીનો સંપૂર્ણ સ્ટાફ એક દિવસની માસ સી.એલ પર ઉતરનાર હોવાથી કચેરીનો સંપૂર્ણ કામકાજ ઠપ થઈ જનાર છે.

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા મામલતદાર કચેરીનો સ્ટાફ દ્વારા રાજ્ય મામલતદાર એસોસિએશન તરફથી આપેલા આદેશની લઈને ભરૂચના સાંસદ મનસુખ વસાવા દ્વારા કરજણ પાસે થયેલા અકસ્માતની ઘટનામાં ત્રણના મોતના બાદ સ્થળની મુલાકાત સમયે મામલતદાર અને નાયબ મામલતદાર સાથે કરવામા આવેલા અશોભનીય વર્તનને લઈને વિરોધ દર્શાવ્યો હતો. મામલતદાર પુર્વેશ ડામોર સહિતના સ્ટાફ દ્વારા સાંસદ મનસુખ વસાવાના વિરોધ માં ગુરૂવારના રોજ કાળી પટ્ટી ધારણ કરીને પોતાની નૈતિક ફરજ બજાવી હતી. જ્યારે શુક્રવારના રોજ એક દિવસ માટે સમગ્ર મામલતદાર કચેરીનો સ્ટાફ સાંસદ મનસુખ વસાવાના વિરોધમાં પોતાના કામકાજથી દૂર રહીને માસ સીએલ પર જનાર હોવાથી અહીં આવતા અરજદારોના તમામ કામકાજ અટકી જનાર છે. જે રીતે મામલતદાર સાથે અશોભનીય વર્તન થયા બાદ મામલતદાર એસોસિએશન મેદાનમાં આવી જતા હવે જોવું રહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા આ બાબતને કેટલી ગંભીરતાથી લેવામાં આવશે કે નહીં એ તો જોવું જ બની રહ્યું છે.

કાલોલ તાલુકાની યુક્રેન (ખાર્કીવ)માં ફસાયેલ યુવતિને પરત લાવવા ધારાસભ્ય દ્વારા મુખ્યમંત્રીને રજુઆત

કાલોલ, કાલોલ તાલુકાની યુક્રેન (ખાર્કીવ) ખાતે મેડીકલમાં અભ્યાસ અર્થે ગયેલ વિદ્યાર્થીની ભારત પરત લાવવા માટે કાલોલ ધારાસભ્ય દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી રજુઆત કરી.

યુક્રેન અને રશીયા વચ્ચે યુદ્ધ વચ્ચે ભારત માંથી મેડીકલ અભ્યાસ અર્થે ગયેલ વિદ્યાર્થીઓ કફોડી સ્થિતીમાં મુકાયેલ છે. ભારત સરકાર દ્વારા ઓપરેશન ગંગા અંતર્ગત પરત લાવવામાં આવી રહ્યા છે. ત્યારે કાલોલ તાલુકાની વિદ્યાર્થીની આયુષી કનોજીયા જે હાલ યુક્રેન (ખાર્કીવ) ખાતે મેડીકલ અભ્યાસ અર્થે ગયેલ છે અને ખાર્કીવ ખાતે રશીયા દ્વારા યુદ્ધ મિસાઈલો થી હુમલો કરવામાં આવી રહ્યો છે. જેને લઈ આયુષીનો પરિવારજનો ખૂબ ચિંતા અને ગભરાટ અનુભવી રહ્યો છે. ત્યારે યુક્રેનના (ખાર્કીવ)માં ફસાયેલા વિદ્યાર્થીને ભારત પરત લાવવા માટે કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને પરત લાવવાની વ્યવસ્થા કરવા વિનંતી કરવામાં આવી છે.

હાલોલના કંજરી ગામેથી ૬ ચોરીની બાઈકો LCB પોલીસે ઝડપી વડોદરા શહેર અને ગ્રામ્ય પોલીસના પાંચ ચોરીના ભેદ ઉકેલ્યા

હાલોલ, ગોધરા એલ.સી.બી. પોલીસના બાતમીના આધારે હાલોલના કંજરી ગામે કુંભારવાડામાં રહેતા ઈસમના ઘરેથી ચોરીના પાંચ મોટર સાયકલો કિંમત ૧,૨૦,૦૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી વડોદરા શહેર અને ગ્રામ્ય પોલીસ મથકના બાઈક ચોરીના ભેદ ઉકેલ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, હાલોલ તાલુકાના કંજરી ગામના કુંભારવાડામાં રહેતા મેલાભાઈ ઉદેસિંહ પરમારના ઘરમાં ચોરીની મોટર સાયકલ લાવીને ઘરમાં સંતાડી રાખી છે અને મોટર સાયકલ વેચવા માટે ગ્રાહક શોધી રહ્યો છે. તેવી ચોકકસ બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન નંબર વગરની ૬ મોટર સાયકલ કિંમત રૂ.૧,૨૦,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે પોકેટ કોપ મોબાઈલ વાહન સર્ચ એપ્લીકેશનની મદદથી વડોદરા શહેર કારેલીબાગ પોલીસ મથક, રાવપુર પોલીસ મથકની બે ફરિયાદ વડોદરા હરણી પોલીસ મથક અને વાઘોડીયા પોલીસ મથક મળી પાંચ મોટર સાયકલની ચોરીના ભેદ ઉકેલવામાં આવ્યા. પોલીસે મેલાભાઈ પરમારને વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ગોધરા પાલિકાના વિરોધ પક્ષના નેતા અને સભ્યોને સુવિધા પુરી પાડવા જીલ્લા કલેકટરને રજુઆત

ગોધરા, ગોધરા નગરપાલિકા વિપક્ષ નેતા દ્વારા ગોધરા નગરજનોના પ્રશ્નોને વાચા આપવા અને ફરિયાદોના નિરાકરણ સહિત વિકાસના કાર્યો અંતર્ગત કામગીરી માટે નગરપાલિકામાં કાર્યાલય અને જરૂરી સુવિધાઓ મેળવવા માંગ.

ગોધરા નગરપાલિકામાં વિરોધપક્ષના નેતા અને સભ્યોને કાર્યાલય અને મળતી તમામ સુવિધાઓ પુરી પાડવા બાબત જિલ્લા કલેકટર, અધિક કલેકટર, સુપ્રિન્ટેન્ડેન્ટ નગરપાલિકા મારફતે ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત કરવામાં આવી. આ પ્રસંગે રાષ્ટ્રીય પક્ષ AIMIM ના વિરોધપક્ષના નેતા મો.ફૈસલ એ. સુજેલા તેમજ નગરપાલિકા કાઉન્સિલર અને ગોધરા શહેર પ્રમુખ જાબિર રશીદભાઈ તથા કાઉન્સિલરો જલાલુદ્દીન સૈયદ, તાહેરા મોલવી, હફસા ચિંતામન અને ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ યાકુબ બકકર, જિલ્લા મહામંત્રી ઈરશાદ મામજી, જિલ્લા પ્રવક્તા ઈસ્હાક બોકડા, ગોધરા શહેર ઉપપ્રમુખ અલતાફ ખોડા સહિત પક્ષના હોદ્દેદારો અને પક્ષના કાર્યકર્તાઓ હાજર રહ્યા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રમેશભાઈ હીરાભાઈ તડવી
મુ. નિશાળ ફળિયું - ચેડીયા
તા. લીમખેડા, જી.દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

દેસીંગભાઈ મલાભાઈ ડામોર
મુ. ઝરોલા
તા. લીમખેડા, જી.દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કિરણસિંહ નરવતસિંહ માલીવાડ
મુ. નિશાળ ફળિયું - ખુદરા
તા. લીમખેડા, જી.દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મોહનભાઈ બળવંતભાઈ ડાયરા
મુ. ડાયરા ફળિયું - ચુંદડી
તા. લીમખેડા, જી.દાહોદ